# સોફ્ટ વન એન્ટરપ્રાઇઝ

## વર્ઝન નંબર ૧૬.૬૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

### બેંક રીકન્સીલેશન સ્ટેટમેન્ટ (Bank Reconciliation Statement)

હવે, બિલ કલેક્શન એન્ટ્રી મોડ્યુલથી દાખલ કરેલ દરેક ડાયરેક્ટ જમા એન્ટ્રીનો રસીદ નંબર, બિલ નંબર, પાર્ટીનું નામ અને ઠેકાણુ પણ દર્શાવવામાં આવશે.

### વેચાણ પરતનો રિપોર્ટ (Sales Return Report)

હવે, તારીખ પ્રમાણે રિપોર્ટના વિકલ્પમાં એક્ષેલ ફાઇલ બનાવવાનો વિક્લ્પ ઉમેરવામાં આવ્યો છે.

## વર્ઝન નંબર ૧૬.૬૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

### દલાલીની એન્ટ્રી (Brokerage Entry)

હવે, એન્ટ્રી સેવ કરતી વખતે નોટ્સ (Notes) પણ દાખલ કરી શકાશે.

### બેંક રીકન્સીલેશન સ્ટેટમેન્ટ (Bank Reconciliation Statement)

હવે, એક્ષેલ ફાઇલ બનાવવાનો વિક્લ્પ ઉમેરવામાં આવ્યો છે.

### રસીદની સમરી (સારાંશ) નો રિપોર્ટ (Receipts Summary)

હવે, વેચાણ બિલોની તારીખો પણ પૂછવામાં આવશે. વેચાણ બિલોની તારીખ દાખલ કરવી વૈકલ્પિક છે.

# <u>વર્ઝન નંબર ૧૬.૬૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>અકાઉન્ટ માસ્ટર અને ગ્રાહક માસ્ટર (Accounts Master and Debtor Master)</u>

હવે, વોટ્સએપ નંબર પણ પૂછવામાં આવશે. દલાલોના નંબર, અકાઉન્ટ માસ્ટરમાંથી તેમ જ ગ્રાહકોના નંબર, ગ્રાહક માસ્ટરમાથી (વેચાણ એન્ટ્રી કરતી વખતે પ્રકટ થતી સ્ક્રીનમાંથી) દાખલ કરવા.

## <u>વોટ્સએપ દ્વારા મેસેજ મોકલવા માટે તમારા કોમ્પ્યુટર/લેપટોપમાં નીચે જણાવેલ સોફ્ટ્વેર ઇન્સ્ટોલ કરી લેવા.</u>

૧ વોટ્સએપ વેબ.

૨ WARocket (ક્રોમ એક્ષટેન્સન) rocketsend.io દ્વારા નિર્મિત.

WARocket ઇન્સટોલ કરવા નીચે જણાવ્યા પ્રમાણે કરો.
ગુગલ ક્રોમ બ્રાઉઝર શરૂ કરો.
સર્ચ /એડ્રેસ બારમાં rocketsend.io ટાઇપ કરી તે સાઇટ ખોલો.
**Install Chrome Extension** ઉપર ક્લીક કરો.
**Add to Chrome** ઉપર ક્લીક કરો – **Add extension** ઉપર ક્લીક કરો.

ઉપર જણાવ્યા પ્રમાણે, ક્રોમ બ્રાઉઝરમાં WARocket નું સફળતાપુર્વક ઇન્સટોલેશન કરી લીધા બાદ, વોટ્સએપ વેબ શરૂ કરતાં ડાબે ઉપરની બાજુમાં Sender નું આઇકોન દેખાશે.
ઉપર જણાવેલ સોફ્ટવેરનું ઇન્સ્ટોલેશન એક જ વાર કરવાનું રહેશે.

## <u>ઉગરાણી ફાઇલ (Ughrani Files)</u>

મુખ્ય મેનૂમાં રિપોર્ટ્સ વિકલ્પ હેઠળ વોટ્સએપ ફાઇલ વિકલ્પ હેઠળ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પમાં, દલાલો તેમ જ ગ્રાહકોને વેચાણ બિલ, ચેક રિટર્ન તેમ જ બાકી રાખેલ વ્યાજ જેવી ઉગરાણીની વિગતો વોટ્સએપ દ્વારા મોકલવા, જોઇતી એક્સેલ ફાઇલ બનાવી શકાશે.

દલાલો / ગ્રાહકોને વોટ્સએપ દ્વારા મેસેજ મોકલવા નીચે જણાવ્યા પ્રમાણે કરો.

નીચે જણાવેલ ત્રણ પગલાઓ દ્વારા, WARocket માટે જોઇતી ફાઇલ સરળતાથી બનાવી શકાશે.

**૧.** સહુ પ્રથમ, આ વિકલ્પમાથી દલાલ અથવા ગ્રાહક પ્રમાણે જોઇતી એક્સેલ ફાઇલ બનાવો. આ ફાઇલ WAM ફોલ્ડરમાં બનશે. જો જરૂરી હોય તો, ફાઇલ બનાવતી વખતે ફોલ્ડરનું નામ બદલી શકાશે.

**૨.** આ રીતે ફાઇલ બની ગયા બાદ, પેકેજ બંધ કરો અથવા પેકેજની Window ને minimize કરી નાખો. **Win + M** દ્વારા પણ, પેકેજની Window ને minimize કરી શકાશે. ત્યાર બાદ, **My Computer/ This PC** માં જઇ WAM ફોલ્ડર ખોલો. બે ફાઇલો ફોલ્ડરમાં ઉપલબ્ધ થશે. ૧ એક્સેલ ફાઇલ અને ૧ ટેક્સ્ટ ફાઇલ. એક્સેલ ફાઇલનો પ્રકાર **Excel 97-2003 worksheet** હશે.

**3.** આ એક્સેલ ફાઇલને ખોલવા માટે તેની ઉપર ડબલ-ક્લિક કરો. ત્યાર બાદ, **Office** આયકોન (ડાબી બાજુ ટોચે) ઉપર ક્લિક કરો. તેમાં **Save As** વિક્લ્પ ઉપર ક્લિક કરો. આમ કરતાં, **Save As** વિન્ડો પ્રકટ થશે. હવે, **Tab** દબાવી **Save as type:** સામે **Excel workbook** લખેલ વિકલ્પ ઉપર આવો. હવે **C** દબાવતાં **CSV (Comma delimited)** વિક્લ્પ ઉપ્લબ્ધ થશે. હવે, **Save** બટન ઉપર ક્લિક કરતાં તે ફાઇલ, **CSV (Comma Separated Values)** પ્રકારની ફાઇલ તરીકે ઉપલબ્ધ થશે. હવે, આ ફાઇલને બંધ કરવા **X** ઉપર (જમણે ટોચે) ક્લીક કરો. ત્યાર બાદ પ્રકટ થનાર વિન્ડોમાં **No** ઉપર ક્લીક કરી કાર્ય પૂર્ણ કરો. **ફાઇલનો, ફક્ત પ્રકાર બદલવા માટે આ પ્રક્રિયા કરવાની હોવાથી, આ ફાઇલમાં કોઈ પણ પ્રકારના ફેરફાર ન કરવા માટે વપરાશકર્તાઓને ખાસ ચેતવણી આપવામાં આવે છે.**

હવે, text document પ્રકાર ધરાવતી Format નામની ફાઇલને ડબલ-ક્લિક કરી ખોલો. ફાઇલ ખોલતી વખતે, જો લાયસન્સ અંગેની વિન્ડો આવે તો તેને **Esc** દબાવી અથવા **Cancel** બટન ઉપર કલીક કરી બંધ કરો. હવે, ફાઇલમાંની તમામ વિગતો સિલેક્ટ કરવા **Ctrl + A** પ્રેસ કરો. આમ કરતાં, ફાઇલમાંની તમામ વિગતોનો કલર ભૂરો (Blue) થઇ જશે. હવે, સિલેક્ટ કરેલી તમામ વિગતો ક્લિપબોર્ડ પર કોપી કરવા માટે **Ctrl + C** પ્રેસ કરો. આમ કરતાં, સ્ક્રીન પર કોઇ પણ ફેરફાર જણાશે નહીં. હવે, ફાઇલ બંધ કરવા, જમણે ટોચે **X** ઉપર ક્લીક કરો અથવા **Alt + F4** દબાવો.

હવે, જરૂરી ફાઇલ તૈયાર થઇ જતાં, WARocket દ્વારા દલાલો અથવા ગ્રાહકોને મેસેજ મોકલવા નીચે જણાવ્યા પ્રમાણે પગલાં લો.

૧. ક્રોમ બ્રાઉઝર ખોલો.
૨. વોટ્સએપ વેબ શરૂ કરો.
૩. ડાબે ઉપરના ખૂણામાં સ્થિત **Sender** આયકોન ઉપર કલીક કરો.
૪. જમણી બાજુમાં **WARocket – Rocketsend.io** નામની વિન્ડો ખુલશે.
૫. **Upload CSV** બટન ઉપર કલીક કરો.
૬. **Choose File** બટન ઉપર કલીક કરો.
૭. **Open** નામની વિન્ડો ખુલશે.
૮. WAM ફોલ્ડર જે ડ્રાઇવમાં બન્યું છે તે ડ્રાઇવ પર ડબલ-કલીક કરો. ડાબા ભાગે બધી ડ્રાઇવ દેખાશે.
૯. WAM ફોલ્ડર ઉપર ડબલ-કલીક કરો.
૧૦. CSV ફાઇલ ઉપર ડબલ-કલીક કરો.
૧૧. સિલેક્ટ કરેલ CSV ફાઇલનું નામ **Choose File** ની બાજુમાં દર્શાવવામાં આવશે.
૧૨. **Phone Number** શીર્ષકની નીચે તમામ ફોન નંબર દર્શાવવામાં આવશે.
૧૩. થોડું નીચે **Message** શીર્ષકની નીચે આવેલ બીજા બોક્ષ કે જેમાં **Enter Message** લખ્યું છે તે બોક્ષની અંદર ક્લીક કરો.
૧૪. હવે, **Ctrl + V** દબાવતાં અગાઉ Format ફાઇલમાંથી કોપી કરવામાં આવેલ તમામ વિગતો અહીં પ્રકટ થશે. બોક્ષની અંદર "{{column_2}}…" લખેલું દેખાશે.
૧૫. **Send Whatsapp** બટન ઉપર ક્લીક કરતાં એક પછી એક મેસેજ મોકલવાની શરૂઆત થઇ જશે.

દેખીતી રીતે, જે દલાલ / ગ્રાહકના વોટ્સએપ નંબર નહીં હોય / અમાન્ય હશે, તેમને મેસેજ જશે નહીં. ભવિષ્યમાં શક્ય મૂંઝવણ ટાળવા, મેસેજ મોકલી દીધા બાદ, વોટ્સએપ ફોલ્ડરની અંદરની તમામ ફાઇલો કાઢી નાખવી.

# વર્ઝન નંબર ૧૬.૬૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઘરૂ/વછાતી ચુકવણીની એન્ટ્રી (Garu/Vachhati Payment Entry)

હવે, કોઈપણ ખરીદ બિલ સામે ચુકવણીની એન્ટ્રી કરતી વખતે, કરવામાં આવતી અમુક કપતો જેવી કે વજન ઘટ, ક્વોલીટી ફરક, ભાવ ફરક, વટાવ તેમ જ અન્ય કપાત (others) ઉપર જીએસટી પણ ઉમેરી શકાશે. આ કોલમો ઉપર **Page Down (PgDn)** દબાવતાં, જીએસટી કોડ, ડેબિટ નોટ નંબર, વગેરે વિગતો દાખલ કરી શકાશે.

આ ડેબિટ નોટની પ્રિન્ટ પણ કરી શકાશે. આ સવલત મેળવવા પેરામીટર વિકલ્પની અંદર પેરામીટર સેટીંગ માં પેજ નંબર ૪ ઉપર જવું અને ડેબિટ નોટના વિકલ્પ સામે **Space Bar** દબાવવું.

## GST સમરી રિપોર્ટ અને જીએસટીઆર-૨ ફાઇલો (GST Summary Report and GSTR-2 Files)

જીએસટી ડેબિટ નોટ સંબધિત સુધારાઓને અનુલક્ષીને જરૂરી સુધારાઓ કરવામાં આવ્યાં છે.

## ઘરૂ લૉટ સારાંશ રિપોર્ટ (Garu Lot Summary Report)

હવે, IDN નંબર તેમ જ દલાલનું નામ પણ સ્ક્રીન તેમ જ એક્સેલ ફાઇલમાં દર્શાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૬૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## કરવસૂલાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 27-EQ)

ટીડીએસ/ ટીસીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૮.૨ ને અનુલક્ષીને જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૯ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)</u>

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૮.૨ ને અનુલક્ષીને જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>વેચાણ એન્ટ્રી (Sales Entry)</u>

હવે, બિલ નંબર ઉપર **Page Up (PgUp)** દબાવતાં પ્રકટ થતાં Motor No Updation ના વિકલ્પમાં પ્રથમ અને અંતિમ રેકોર્ડ ઉપર જવા માટે **Ctrl+T** અને **Ctrl+B** (અગાઉ ફક્ત **T** અને **B**) નો ઉપયોગ કરવાનો રહેશે.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>કરકપાતનો રિપોર્ટ (TDS Report)</u>

ખરીદીના વિકલ્પ હેઠળ નવા વિકલ્પ ઉમેરવામાં આવ્યા છે.

વધુમાં, ખરીદીના વિકલ્પ હેઠળ એક્સેલ ફાઇલ બનાવતી વખતે, એક્સેલ ફાઇલમાં સામેલ કરવા માટે વેપારીઓના નામ પસંદ કરવાની સુવિધા પણ ઉમેરવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૫૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રીમાં વેચાણની વિગતોની હેલ્પ (F7 Help in Sales Entry)

**F7** પ્રેસ કરતાં દર્શાવવામાં આવતી હેલ્પ, દર વખતે ઝડપથી પ્રકટ થાય તે માટે યોગ્ય ફેરફાર કરવામાં આવ્યાં છે. અગાઉના વર્ઝન (૧૬.૫૫) માં, જ્યારે પણ વપરાશકર્તા વેચાણ એન્ટ્રી મોડ્યુલમાંથી બહાર આવે અને ફરીથી દાખલ થાય ત્યારે દર વખતે હેલ્પ માટે જોઇતી ફાઇલ બનતી હતી. હવે, પેકેજ શરૂ કર્યા બાદ, વેચાણ એન્ટ્રી મોડ્યુલમાં દાખલ થયા બાદ, હેલ્પ માટે બનતી ફાઇલ, પેકેજ કાર્યરત હશે ત્યાં સુધી ઉપ્લબ્ધ રહેશે. આનાથી હેલ્પ ઝડપી બનશે. નવા દાખલ કરેલ વેચાણ બિલો તેમ જ સુધારવામાં આવેલ વેચાણ બિલોની વિગતો, હેલ્પ ફાઇલમાં સમાવિષ્ટ કરવા, ગ્રાહક્નું નામ અને સ્થળ દાખલ કર્યા વિના ફરીથી **F7** પ્રેસ કરવું.

હેલ્પની પદ્ધતિ (જુની / નવી) માં ફેરફાર કરવા, બિલ નંબર ઉપર **Page Up (PgUp)** દબાવી Parameter Settings નો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ Sales Details Display Method (F7) સામે અનુકુળ વિકલ્પનું ચયન કરવું.

## એપીએમસી ખરીદ રિપોર્ટ (APMC Purchase Report)

હવે, જે વેપારીના માસ્ટરમાં Nature of Place દાખલ નહીં કર્યું હોય તેમના નામનું લિસ્ટ દર્શાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૫૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## એપીએમસી ખરીદ રિપોર્ટ (APMC Purchase Report)

આ નવું મોડ્યુલ APMC/ST/FDA રિપોર્ટ્સ વિકલ્પ હેઠળ ઉમેરવામાં આવ્યું છે. આ રિપોર્ટ્માં એપીએમસી કોડ મુજબની બજાર ખરીદી અને અન્ય ખરીદીની રકમ દરેક મહિના પ્રમાણે દર્શાવવામાં આવશે. બજાર ખરીદીને અન્ય ખરીદીથી અલગ તારવવા માટે, વેપારીના માસ્ટરમાં દાખલ કરેલ Nature of Place નો ઉપયોગ કરવામાં આવશે. ખરીદીની રકમની ગણત્રી કરવા કઇ રકમનો સમાવેશ કરવો તે પણ વપરાશકાર રિપોર્ટ બનાવતી વખતે જણાવી શકશે.

## વેચાણ એન્ટ્રીમાં વેચાણની વિગતોની હેલ્પ (F7 Help in Sales Entry)

હવે, **F7** દબાવતાં ઉપ્લબ્ધ થતી વેચાણની વિગતો ઝડપથી દર્શાવવા જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે. આ માટે, દર વખતે વેચાણ બિલ એન્ટ્રી મોડ્યુલમાં દાખલ થયા પછી, ખરીદનારનું નામ અને સ્થળ દાખલ કર્યા વિના આઇટમની વિગતો દાખલ કરવાના વિભાગમાં **F7** દબાવો. આમ કરતાં, તે કોમ્પ્યુટર પર, તમામ ગ્રાહકોની વેચાણ વિગતો સામેલ કરતી એક ફાઇલ બનશે. આમ કર્યા બાદ, તમામ ગ્રાહકોના વેચાણની વિગતો ઝડપથી દેખાવાનું શરૂ થશે. તમામ વપરાશકર્તાઓ દ્વારા પછીથી દાખલ કરેલ અથવા સુધારેલ વેચાણ બિલોની વિગતો પણ સામેલ કરવા આ ફાઇલને દિવસ દરમિયાન જ્યારે સમય મળે ત્યારે રિફ્રેશ કરવાની રહેશે. ફાઇલને રિફ્રેશ કરવા, ગ્રાહક્નું નામ અને સ્થળ દાખલ કર્યા વિના ફરીથી **F7** દબાવો.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q) અને ફોર્મ નંબર ૨૭-EQ (Form No 27-EQ)</u>

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૭.૫ ને અનુલક્ષીને જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>ઘરૂ/વછાતી ચુકવણીની એન્ટ્રી (Garu/Vachhati Payment Entry)</u>

આ વિક્લ્પમાં, ચૂકવવાપાત્ર બાકી બિલોની હેલ્પ જોવા જતાં અમુક એન્ટ્રીઓમાં ભુલપૂર્વક બાકી રકમ દર્શાવવામાં આવે છે. આ ખામીને સુધારવા, નવું વર્ઝન ઇન્સ્ટોલ કરી લીધા બાદ, ફરીથી **સ્ટોક કેરી ફોરવર્ડ** કરી લેવું.

# <u>વર્ઝન નંબર ૧૬.૫૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>ઇ-ઇન્વોઇસ ફાઇલ (E-Invoice File)</u>

હવે, ક્રેડિટ નોટ્સ (વેચાણ પરતની એન્ટ્રીઓ) અને ડેબિટ નોટ્સ (ઉગરાણી વ્યાજની એન્ટ્રીઓ) અપલોડ કરવા માટે જોઇતી એક્સેલ ફાઇલ અને .JSON ફાઇલ તૈયાર કરવા માટેના નવા વિકલ્પો પણ ઉમેરવામાં આવ્યા છે. વધુમાં, નામ, ઠેકાણુ અથવા સરનામામાં અમાન્ય અક્ષરો (જેમ કે \ અથવા ") ધરાવતા ગ્રાહકો, તેમ જ સરનામું અથવા પિન કોડ દાખલ ન કરેલા ગ્રાહકોની વિગતો ધરાવતી એક્સેલ ફાઈલ મેળવવાનો વિકલ્પ પણ ઉમેરવામાં આવ્યો છે.

# વર્ઝન નંબર ૧૬.૫૧સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઇ-ઇન્વોઇસ ફાઇલ (E-Invoice File)

૧ એપ્રિલ ૨૦૨૨ થી લાગુ થનાર ઇ-ઇનવોઇસિંગની નવી જોગવાઈઓનું પાલન કરવા માટે આ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પનો ઉપયોગ કરીને વપરાશકર્તા .JSON ફાઇલ બનાવી શકશે, જે ઇ-ઇનવોઇસિંગ પોર્ટલ પર સીધી જ અપલોડ કરી શકાશે.

જરૂર પડ્યે, પસંદ કરેલા અમુક બિલોનો જ ફાઇલમાં સમાવેશ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. ફર્મની વિવિધ વિગતો જેવી કે GST નંબર, સરનામું વગેરે દાખલ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. આમાં, GST નંબર, એડ્રેસ - ૧, ઠેકાણુ (Location) અને પીન કોડની વિગતો ફરજિયાત છે. પરંતુ, ટ્રેડ નામ, એડ્રેસ - ૨, ટેલિફોન નંબર અને ઇ-મેઇલ એડ્રેસ જેવી વિગતો વૈક્લ્પિક છે.

.JSON ફાઇલ ડ્રાઇવના EINV ફોલ્ડરમાં તૈયાર થશે. જો જરૂરી હોય તો, વપરાશકર્તા ડ્રાઇવ અને ફોલ્ડરનું નામ પણ બદલી શકે છે. આ મોડ્યુલમાંથી સફળતાપૂર્વક ફાઇલ બનાવી લીધા બાદ, My Computer માં જઇ તે ડ્રાઇવમાં EINV ફોલ્ડરમાં (અથવા નામ બદલ્યું હોય તો તે ફોલ્ડરમાં) જવું. JSON ફાઇલ મેળવવા માટે SHOWFILE નામની ફાઇલ પર ક્લિક કરો અને એન્ટર દબાવો (અથવા તે ફાઇલના નામ ઉપર ડબલ-ક્લિક કરો). આ JSON ફાઈલ ઈ-ઈનવોઈસના પોર્ટલ પર સરળતાથી અપલોડ કરી શકાય છે.

# વર્ઝન નંબર ૧૬.૫૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, વેચાણ બિલ સેવ કરતી વખતે ટીડીએસનો દર અને ટીડીએસની રકમ પણ પૂછવામાં આવશે. બિલની રકમ પર ટીડીએસની પોતાની મેળે ગણત્રી કરવા, પેરામીટર સેટિંગની વિન્ડોમાં નીચેના ભાગમાં ઉપલબ્ધ "Capture TDS Rate in Sales Entry for TDS Applicable Debtors" વિક્લપને પસંદ કરો. Space Bar ના ઉપયોગ દ્વારા આ વિક્લ્પને પસંદ અથવા નાપસંદ કરી શકાશે. પેરામીટર સેટિંગના વિક્લ્પમાં જવા બિલ નંબર ઉપર **Page Up (Pg Up)** દબાવો. જો આ વિકલ્પને પસંદ કર્યો હશે તો, જે ગ્રાહકોમાં Apply TDS સામે Y (Yes માટે) દાખલ કરેલ હશે, તેમના બિલ બનાવતી વખતે ટીડીએસનો દર પોતાની મેળે ભરાઈ જશે. જો તમે આ વિકલ્પને પસંદ નહીં કર્યો હોય તો પણ ટીડીએસનો દર જાતે દાખલ કરી ટીડીએસની રકમ દાખલ કરી શકાશે.

## તારીજ પ્રોસેસિંગ (Tarij Processing)

વેચાણ બિલ બનાવતી વખતે દાખલ કરેલ ટીડીએસની રકમ "TDS Claim on Sales A/c" ખાતે ઉધારી "Provisional TDS on Sales A/c" ખાતે જમા કરવામાં આવશે.

## રસીદોનું પ્રોસેસિંગ (Receipt Processing)

રસીદ એન્ટ્રીમાં દાખલ કરેલ ટીડીએસની રકમની ખતવણી, સંબંધિત વેચાણ બિલમાં ટીડીએસની રકમ દાખલ કરી છે કે નહીં તેની ઉપર નિર્ભર રહેશે. જો વેચાણ બિલમાં ટીડીએસની રકમ દાખલ કરી હશે તો, તે બિલની રસીદમાં દાખલ કરેલ ટીડીએસની રકમને "Provisional TDS on Sales A/c" ખાતે ઉધારવામાં આવશે. અન્યથા, તે રકમ "TDS on Bills Collection A/c" ખાતે ઉધારવામાં આવશે.

## કરકપાતનો રિપોર્ટ (TDS Report)

હવે, વેચાણ બિલમાં દાખલ કરેલ ટીડીએસની વિગતો દર્શાવવાનો વિકલ્પ પણ ઉમેરવામાં આવ્યો છે.

# વર્ઝન નંબર ૧૬.૪૯ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હાલ, બિલ નંબર ઉપર **Pg Up** દબાવતાં, ફક્ત મોટર નંબર દાખલ કરવાની સુવિધા આપવામાં આવી છે. હવે, આ વિકલ્પ દ્વારા, ડી.ઓ. નંબર (DO No) માં પણ જરૂરિયાત મુજબ વિગતો દાખલ કરી શકાશે. અત્રે એ ખાસ નોંધવું રહ્યું કે, જો Parameter Setting માં DO Control Opton સામે "No Control at all" વિકલ્પ સિલેક્ટ કર્યો હશે તો જ આ વિકલ્પ હેઠળ, ડી. ઓ. નંબરમાં વિગતો દાખલ કરવાની સુવિધા ઉપ્લબ્ધ થશે.

## દલાલીની એન્ટ્રી (Brokerage Entry)

હવે, દલાલનો કોડ દાખલ કર્યા બાદ, **F4** દબાવતાં તે દલાલને ચુકવવા પાત્ર થતી દાણો દલાલી તેમ જ ભાવફરકની રકમ પણ દર્શાવવામાં આવશે. એકથી વધુ કંપની/ફર્મ ધરાવતાં વપરાશકર્તાઓ, એક અથવા વધુ કંપનીઓ પણ જરૂરિયાત મુજબ સિલેક્ટ કરી શકશે. દાણા દલાલીની વિગતો દાણા કોડ મુજબ દર્શાવવામાં આવશે તેમ જ તેની ગણત્રી કરવા દાણા માસ્ટર / આઇટમ માસ્ટરમાં દાખલ કરેલ દાણા દલાલી ના દરનો ઉપયોગ કરવામાં આવશે. વર્ષ દરમ્યાન તે દલાલને કરવામાં આવેલ દાણો દલાલી તેમ જ ભાવફરકની ચુકવણીની વિગતો પણ દર્શાવવામાં આવશે.

દરેક મહિના પ્રમાણે, દાણા કોડ પ્રમાણે વિગતો જોવા **S** દબાવવું. એ જ રીતે, દરેક તારીખ મુજબ, દાણા કોડ મુજબ વિગતો જોવા ફરીથી **S** દબાવવું. જ્યારે મહિના પ્રમાણે અથવા તારીખ પ્રમાણે વિગતો દર્શાવાઇ રહી હોય ત્યારે વિગતો દર્શાવવાનો ક્રમ બદલવા એટલે કે દાણા કોડ મુજબ, મહિના મુજબ અથવા દાણા કોડ મુજબ, તારીખ મુજબ વિગતો જોવા **O** દબાવો.

વધુમાં, કંપની મુજબ અથવા દલાલ મુજબ,સંયુક્તપણે અથવા અલગ અલગ, જેવા વિવિધ વિક્લ્પો હેઠળ જોઇતી વિગતો જોવા, **G** દબાવો. જો અકાઉન્ટ માસ્ટરમાં, મુખ્ય દલાલ હેઠળ તેના પેટા દલાલોના કોડ પણ દાખલ કર્યાં હશે તો, તે તેમની વિગતો પણ અત્રે સામેલ કરવામાં આવશે.

## બેંક રીકન્સીલેશન સ્ટેટમેન્ટ (Bank Reconciliation Statement)

હાલ, રસીદોની એન્ટ્રીમાં F4 નો ઉપયોગ કરીને ડાયરેક્ટ જમા કરવામાં આવેલ રસીદોમાં બેંકની તારીખ પોતાની મેળે ભરાઈ જાય છે. હવે, આવી રસીદોમાં બેંકની તારીખ પોતાની મેળે ન ભરાય તે માટે એક નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

નીચે જણાવેલ Parameter Setting ના ફકરા હેઠળ આ વિકલ્પ વિશે વધુ વિગતો આપવામાં આવી છે.

## <u>પેરામીટર સેટિંગ (Parameter Setting)</u>

ડાયરેક્ટ જમા ની રસીદની એન્ટ્રીઓ માં બેંકની તારીખ પોતાની મેળે દાખલ કરવાની પ્રક્રિયાનું નિયમન કરવા માટે એક નવો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ વિકલ્પ (Auto update Bank Date…), અંતિમ પાને (Page No 5) ઉપર સૌથી તળિયે આપવામાં આવ્યો છે.

આ વિકલ્પને પસંદ / નાપસંદ (Select / DeSelect) કરવા Space Bar નો ઉપયોગ કરવો.

રસીદોનું પ્રોસેસીંગ (Receipt Processing) કર્યા બાદ જ, આ વિકલ્પમાં કરવામાં આવેલ ફેરફારની અસરો જોવા મળશે.

# વર્ઝન નંબર ૧૬. ૪૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## અકાઉન્ટ માસ્ટર (Accounts Master)

વપરાશકર્તાઓ, હવે, GST, TCS અને TDS ને જમા / ઉધાર કરવા માટે ઉપયોગમાં લેવાતા ખાતાઓમાં જરૂરિયાત મુજબ યોગ્ય ફેરફારો કરી શકશે.

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હાલ, જો GST નંબર અથવા FSSAI નંબર બન્નેમાંથી કોઇ એક પણ ખાલી હશે તો ગ્રાહકની વિગતો દર્શાવવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ સગવડને સક્રિય / નિષ્ક્રિય કરવા માટે હાલ એક જ વિકલ્પ આપવામાં આવ્યો છે. હવે, બન્ને માટે જુદા જુદા વિકલ્પો આપવામાં આવ્યાં છે. એટલે કે ફક્ત FSSAI નંબર ખાલી હોય તો જ અથવા ફક્ત GST નંબર ખાલી હોય તો જ ગ્રાહકની વિગતો દર્શાવવાની સગવડતા ઉપ્લબ્ધ થશે. આ સગવડને સક્રિય / નિષ્ક્રિય કરવા માટે બિલ નંબર ઉપર **Page Up (PgUp)** દબાવી Parameter Setting નો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ Ask for Customer details સામે FSSAI નંબર અથવા GSTIN નંબર ના વિકલ્પો ઉપર **Space Bar** ના ઉપયોગ દ્વારા જરૂરિયાત મુજબ યોગ્ય ફેરફાર કરી લેવા.

## વેચાણ બિલનું પ્રિન્ટીંગ (Sales Bill Printing)

હવે બાકી રાખેલ વ્યાજની રકમ પણ બાકી બિલોની યાદીમાં દર્શાવવામાં આવશે.
વધુમાં, હવે, નવા વેચાણ બિલની એન્ટ્રી કર્યા બાદ, પાસવર્ડ વગર, તે બિલની એક્થી વધુ નકલ પ્રિન્ટ કરતાં અટકાવી શકાશે. આ સુવિધા સક્રિય કરવા માટે વેચાણ એન્ટ્રીમાં, બિલ નંબર ઉપર **Page Up (Pg Up)** દબાવી Parameter Setting નો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ, **Space Bar** ના ઉપયોગથી "Block printing of more than 1 copy …" વિકલ્પને સક્રિય કરવું.

# <u>વર્ઝન નંબર ૧૬. ૪૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)</u>

હવે, માલ ખરીદના વ્યવહારોની એન્ટ્રી કરતી વખતે કરવામાં આવેલ ટીડીએસની વિગતોને પણ ત્રિમાસિક રિટર્નમાં સામેલ કરવામાં આવશે. વધુમાં, ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૭.૨ માટે જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

## <u>જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)</u>

હવે, b2b ફાઇલમાં ગ્રાહકનાં નામ પણ સામેલ કરવામાં આવ્યાં છે. વધુમાં b2b, b2cs અને cdnr ફાઇલોમાં લાગુ પડતા દર માટે એક ખાલી કોલમ પણ ઉમેરવામાં આવી છે.

# <u>વર્ઝન નંબર ૧૬. ૪૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>કરકપાતની વિગતોની એન્ટ્રી (TDS Details Entry)</u>

હવે, ખરીદ ઉપર કરવામાં આવેલ કરકપાતના ચલનની વિગતો પણ દાખલ કરી શકાશે.

## <u>કરકપાતનો રિપોર્ટ (TDS Report)</u>

ખરીદ તેમ જ ઉઘરાણી જમા કરતી વખતે કરવામાં આવેલ કરકપાતની વિગતો દર્શાવતો રિપોર્ટ ઉમેરવામાં આવ્યો છે.

# વર્ઝન નંબર ૧૬. ૪૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે, નવું પેરામીટર "Apply TDS?" પણ પૂછવામાં આવશે. જે ગ્રાહક, વેચાણ બિલ સામે ચુકવણી કરતી વખતે ટીડીએસ કાપવાનો હોય, તેના માસ્ટર માં ઉપર જણાવેલ પેરામીટર સામે **Y** (Yes માટે) દાખલ કરવાનું રહેશે.

વધુમાં, ચુકવણી કરતી વખતે આવા ગ્રાહકો ટીડીએસ કાપવાના હોઇ, તેમની પાસેથી ટીસીએસ વસૂલ કરવાની જરૂર રહેશે નહીં. આથી, તેમના વેચાણ બિલ માં ટીસીએસ ઉમેરવાની પણ જરૂર રહેશે નહીં. માટે, આવા ગ્રાહકો ના માસ્ટર માંથી, અગાઉ "Apply TCS?" સામે દાખલ કરેલ Y (Yes માટે) પણ સ્વભાવિકપણે કાઢી નાખવું.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, ગ્રાહકે કાપેલી ટીડીએસની રકમ પણ પુછવામાં આવશે. ટીડીએસની રકમ ફક્ત એવા ગ્રાહકો માટે પૂછવામાં આવશે જેમના ગ્રાહક માસ્ટર માં "Apply TDS?" ની સામે **Y** (Yes માટે) દાખલ કર્યું હશે.

## ખરીદી ઉપર ટી.ડી.એસ.ની અસરો (Effects of TDS on Purchase)

હવે, ઘરૂ/વછાતી ચુકવણીની એન્ટ્રી (Garu/Vachhati Payment Entry), આ મોડ્યુલમાં F2 દબાવતાં પ્રકટ થતી બાકી બિલોની હેલ્પ તેમ જ બાકી દેવાના રિપોર્ટ માં (Accounts Payable Report), ખરીદ ની એન્ટ્રી વખતે દાખલ કરેલ ટીડીએસની રકમ ઘટાડ્યા બાદની રકમ બાકી દેવા તરીકે દર્શાવવામાં આવશે. ખરીદ બિલની મૂળ રકમમાં કોઇ પણ ફેરફાર થશે નહીં.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

હવે, HSN કોડ મુજબની સમરી ની ફાઈલ માં જીએસટીનો દર પણ દર્શાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬. ૪૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઘરૂ આવક એન્ટ્રી (Garu Aavak Entry)

હવે કરકપાત(ટીડીએસ) નો દર, કરપાત્ર રકમ અને કર(ટીડીએસ)ની રકમ પણ પુછવામાં આવશે. તમને સુવિદિત જ હશે કે જો કોઈ વેપારી પાસેથી ૫૦ લાખથી ઉપર ની ખરીદી કરવામાં આવી હશે તો ૧ જુલાઇ ૨૦૨૧થી ખરીદીની રકમમાંથી ૦.૧ ટકાના દરે કરકપાત કરવાની રહેશે. વધુમાં, ગયા વર્ષમાં જો કુલ ટર્નઓવર ૧૦ કરોડથી વધુ થયું હશે તો જ કરકપાત કરવાનું બંધનકર્તા રહેશે. ખરીદીની એન્ટ્રીમાં કરક્પાતનું માળખું સક્રિય કરવા માટે IDN No સામે **Page Up** પ્રેસ કરવું. ત્યારબાદ, પેરામીટર સેટિંગનો વિકલ્પ પસંદ કરવો. તેમાં, "Are you liable..." વિકલ્પ સામે **Y** (Yes માટે) દાખલ કરવું. વધુમાં, જો તમે કુલ ખરીદી અને કરપાત્ર રકમમાંથી જીએસટી બાદ કરવા માગતા હો તો, ત્યારબાદના "Exclude GST from..." ના વિકલ્પ સામે **Y** (Yes માટે) દાખલ કરવું.

ખરીદી ઉપર કરકપાત ની પ્રક્રિયા ૧ જુલાઇથી ૨૦૨૧થી લાગૂ થનાર હોઈ, ઉપર જણાવેલ ફેરફાર તે તારીખ બાદ જ કરવાનું ખાસ ધ્યાન રાખવું. આ અંગે સવિસ્તાર માહિતી મેળવવા તમારા કર નિષ્ણાતનો સંપર્ક કરવો.

## વછાતી વેચાણ પટ્ટી (Sale Patti)

હાલ, વેચાણ પટ્ટી મોકલવાની અંતિમ તારીખ, એકવાર અપડેટ કર્યા બાદ, કાઢી શકાતી નથી. હવે, આ સમસ્યા પણ દૂર કરી લેવામાં આવી છે. અંતિમ તારીખ દૂર કરવા માટે, From Date અથવા To Date ઉપર Ctrl+Y પ્રેસ કરી તારીખ કાઢી નાખી એન્ટર દબાવવું. ત્યાર બાદ પુષ્ટિ માટે સમર્થન કરવું.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

હવે, જીએસટીના શૂન્ય દરે કરવામાં આવેલ વેચાણ માટે બનતી exemp ફાઇલમાં બિલ રકમ અથવા કરપાત્ર રકમ સામેલ કરવા માટેનો નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

## TCS રિપોર્ટ (TCS Report)

હાલ, ઉગરાણી જમા (collection) ના વિકલ્પ હેઠળ દર્શાવવામાં આવતા ટીસીએસના રિપોર્ટ દરમ્યાન, જે ગ્રાહકના નામ, ગ્રાહક માસ્ટરમાં ઉપલબ્ધ નથી તેમના નામ રિપોર્ટની શરૂઆતમાં દર્શાવવામાં આવે છે. આ સુધારો ગયા વર્ઝનમાં કરવામાં આવ્યો હતો. હવે, તે નામ રિપોર્ટમાં જ દર્શાવવામાં આવશે. આવા ગ્રાહકોના નામની સામે PAN નંબરની કોલમમાં "---" દર્શાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૪૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, વેચાણ બિલની એન્ટ્રી કરતી વખતે બિલની કુલ કલમ, ગુણી/બાચકા, રકમ, વગેરે જોવાની સુવિધા ઉમેરવામાં આવી છે. આ સુવિધાનો ઉપયોગ કરવા **F8** દબાવો.

## ચેક પ્રિન્ટિંગ (Cheque Printing)

હવે, ચેક ઉપર જરૂરિયાત મુજબ નોંધ પણ પ્રિન્ટ કરી શકાશે. આ સુવિધાનો ઉપયોગ ચેક ઉપર બિલ નંબર અથવા અન્ય કોઇ પણ માહિતી પ્રિન્ટ કરવા કરી શકાશે.

## TCS રિપોર્ટ (TCS Report)

ખરીદ તેમ જ ચુકવણી ઉપર લાગુ કરવામાં આવેલ ટીસીએસની વિગતોનો રિપોર્ટ પણ હવે જોઇ શકાશે.

# વર્ઝન નંબર ૧૬.૪૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે, પિન કોડ પણ પૂછવામાં આવશે. ઇ-ઇનવોઇસ માટે એક્સેલ ફાઇલ બનાવવા માટે તે દાખલ કરવું જરૂરી છે.

## ઘરૂ/વછાતી ચુકવણીની એન્ટ્રી (Garu/Vachhati Payment Entry)

હવે ટીડીએસની રકમ પણ પૂછવામાં આવશે. જો, ગયા વર્ષમાં કુલ ટર્નઓવર ૧૦ કરોડથી વધુ હોય અને ચાલુ નાણાકીય વર્ષમાં કોઇ પાર્ટીને ૫૦ લાખ અથવા વધુની ચુકવણી કરવામાં આવી હોય તો ૧ જુલાઇ ૨૦૨૧ થી ટીડીએસ કાપવું જરૂરી છે. વધુ માહિતી માટે તમારા કર નિષ્ણાતનો સંપર્ક કરવો.

## બેંક રીકન્સીલેશન સ્ટેટમેન્ટ (Bank Reconciliation Statement)

હાલ, રસીદોનું પ્રોસેસીંગ કરતી વખતે ડાયરેક્ટ ક્રેડિટની એન્ટ્રીઓમાં, બેંક તારીખ આપમેળે ભરાઈ જાય છે. જો કે, તે જ તારીખ માટે ફરીથી રસીદોનું પ્રોસેસીંગ કર્યા બાદ, સમાન રકમની અન્ય એન્ટ્રીઓમાં પણ બેંક તારીખ ખોટી રીતે ભરાઈ જાય છે. હવે, આ ત્રુટિ દૂર કરી લેવામાં આવી છે.

## જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

હવે, TCS ની રકમ પણ દર્શાવવામાં આવશે.

## ઇ-ઇન્વોઇસ ફાઇલ (E-Invoice File)

આ નવા મોડ્યુલ દ્વારા, તૈયાર થતી એક્સેલ ફાઇલનો ClearTax એપ્લિકેશનમાં ઉપયોગ કરીને, દૈનિક ધોરણે ઇ-ઇન્વોઇસ બનાવવા/અપલોડ કરવાનું કાર્ય સહેલાઇથી કરી શકાશે.

## પેરામીટર સેટિંગ (Parameter Setting)

હવે, ટીસીએસના દરમાં કરવામાં આવેલ સુધારા યોગ્ય રીતે જાળવી શકાશે.

# વર્ઝન નંબર ૧૬.૪૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, TCS ની રકમમાં પણ સુધારા કરી શકાશે.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હાલ, જે વેચાણ બિલમાં TCS ઉમેરવામાં આવ્યું છે તેવા બિલની રસીદ બનાવતી વખતે, તે બિલની સામે પ્રાપ્ત થયેલ TCS ની રકમમાં, સુધારા કરી શકાતા નથી. પરંતુ હવે, તે રકમમાં જરૂરિયાત મુજબ જોઇતા સુધારા કરી શકાશે.

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે, પાર્ટી કોડ પણ પૂછવામાં આવશે. આ કોડ સામે કંપની માટે 01 દાખલ કરો. અન્યો માટે ખાલી રાખો. આ કોડનો ઉપયોગ, 27EQ ફોર્મમાં ત્રિમાસિક TCS રીટર્ન ફાઇલ કરવા માટે જોઇતી TXT ફાઇલ બનાવતી વખતે કરવામાં આવશે.

## TCSની વિગતોની એન્ટ્રી (TCS Details Entry)

આ વિક્લ્પ Occasional / Other Entries હેઠળ ઉપ્લબ્ધ થશે. TCS ચલનની વિગતો દાખલ કરવા આ વિક્લ્પનો ઉપયોગ કરવો.

## TCS રિપોર્ટ (TCS Report)

વેચાણ બિલમાં ઉમેરવામાં આવેલ ટીસીએસની વિગતો જોવા માટે નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

## ફોર્મ નંબર ૨૭-EQ (Form No 27-EQ)

વિવિધ ગ્રાહકો પાસેથી એકત્રિત કરવામાં આવેલા ટીસીએસ અંગેનું ત્રિમાસિક રીટર્ન ફાઇલ કરવા જોઇતી ટેક્સ્ટ ફાઇલ બનાવવા માટે આ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

# વર્ઝન નંબર ૧૬.૪૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## TCS સંબધિત સુધારાઓ (Chnanges related to TCS)

અહીં નીચે જણાવેલ મોડ્યુલમાં TCS સંબધિત ઉચિત સુધારાઓ કરવામાં આવ્યાં છે.
વેચાણ પરતની એન્ટ્રી (Sales Return Entry), ઘરૂ/વછાતી ચુકવણીની એન્ટ્રી (Garu/Vachhati Payment Entry), વેચાણનું વિવરણનો રિપોર્ટ (Sales Breakup Report), ખરીદનું વિવરણનો રિપોર્ટ (Purchase Breakup Report), GSTR-1 ફાઇલનો રિપોર્ટ (GSTR-1 Files) અને પેમેન્ટ અપડેશન (Payment Updation).

## અકાઉન્ટ માસ્ટર (Accounts Master)

હવે, TCS લાગુ કરવા માટે, "Apply TCS?" ઇન્ડિકેટર પણ, પૂછવામાં આવશે. જે વેપારીને TCS ચુકવવા પાત્ર થતું હોય, તેમના માસ્ટરમાં આ ઇન્ડિકેટર સામે **Y** (Yes માટે) દાખલ કરવું.
અગાઉના C-ફોર્મ/F-ફોર્મ માટેના ઇન્ડિકેટરનો હવે કોઇ પણ ઉપયોગ ન રહેતાં, તેના સ્થાને "Apply TCS?" ઇન્ડિકેટર ઉમેરવામાં આવ્યું છે.

## GST સમરી રિપોર્ટ (GST Summary Report)

TCS સંબધિત સુધારાઓ કરવામાં આવ્યાં છે. વધુમાં શૂન્ય દરે અને અન્ય દરે કરવામાં આવેલ વેચાણ, ખરીદ, અન્ય ખરીદ તેમ જ વેચાણ પરતની રકમ હવે અલગથી દર્શાવવામાં આવશે.
આ ઉપરાંત, પેરાગ્રાફ 5/1 હેઠળ, શૂન્ય દરે અને કમ્પોઝિશન સ્કીમ હેઠળના વિક્રેતાઓ પાસેથી કરવામાં આવેલ ખરીદીની, યોગ્ય રકમ દર્શાવવામાં આવશે. સંબધિત ત્રુટિ હવે દૂર કરી લેવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૩૯ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## TCS પાત્રતા રિપોર્ટ (TCS Applicability Report)

IT રિપોર્ટ્સના વિકલ્પ હેઠળ આ નવો રિપોર્ટ ઉમેરવામાં આવ્યો છે.

TCS લાગુ થવા પાત્ર ગ્રાહકોના નામ, ઠેકાણા અને PAN નંબર આ રિપોર્ટમાં દર્શાવવામાં આવશે. જે ગ્રાહકોની, રસીદ અને વેચાણ બિલની બાકી નીકળતી કુલ રકમ, TCS લિમિટથી વધારે થતી હોય તેવા ગ્રાહકોના વેચાણ બિલમાં TCS ઉમેરવાનું સલાહ ભર્યું રહેશે. જો, એકથી વધુ ગ્રાહકોના માસ્ટરમાં એક સમાન PAN નંબર દાખલ કર્યો હશે તો, તે તમામ ગ્રાહકોની, રસીદ અને બાકી નીકળતી કુલ રકમનો સરવાળો દર્શાવવામાં આવશે.

લિસ્ટમાં સિલેક્ટ કરેલ ગ્રાહકોના માસ્ટરમાં "Apply TCS?" પેરામીટર સામે અહીંથી જ **Y** (Yes માટે) દાખલ કરવાની સુવિધા પણ ઉમેરવામાં આવી છે.

## TCS રિપોર્ટ (TCS Report)

આ નવો રિપોર્ટ પણ, IT રિપોર્ટ્સના વિકલ્પ હેઠળ ઉમેરવામાં આવ્યો છે.

આ રિપોર્ટમાં, PAN નંબર મુજબ પ્રાપ્ત થયેલ કુલ રકમ, TCS પાત્ર રકમ, લાગુ થતી TCSની રકમ, પ્રાપ્ત થયેલ TCSની રકમ અને વધ/ઘટ, જો હોય તો, દર્શાવવામાં આવશે. "**+**" ના ઉપયોગ દ્વારા જરૂરિયાત મુજબ વિગતવાર / સંક્ષિપ્ત માં માહિતી મેળવી શકાશે. એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા પણ ઉપ્લબ્ધ કરાવવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૩૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઘરૂ આવક એન્ટ્રી (Garu Aavak Entry)

હવે, TCS નો દર અને TCS ની રકમ પણ પૂછવામાં આવશે.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, TCS ની રકમ પણ પૂછવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૩૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે, TCS લાગુ કરવા માટે "Apply TCS?" પણ પૂછવામાં આવશે. જે ગ્રાહકને, TCS લાગુ થતો હોય તેમના માસ્ટરને Edit Mode માં લઇ "Apply TCS?" સામે **Y (Yes માટે)** દાખલ કરવું.

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, વેચાણ બિલ સેવ કરતી વખતે TCS નો દર પૂછવામાં આવશે અને દાખલ કરેલ દર મુજબ બિલ રકમ ઉપર TCS રકમની ગણત્રી કરી દર્શાવવામાં આવશે. અગાઉ ઉપર જણાવ્યા પ્રમાણે, જે ગ્રાહક્ના માસ્ટરમાં "Apply TCS?" ની સામે Y (Yes માટે) દાખલ કર્યું હશે તેમના બિલ બનાવતી વખતે TCS નો દર પોતાની મેળે ઉપ્લબ્ધ થશે.

# વર્ઝન નંબર ૧૬.૩૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## અકાઉન્ટ માસ્ટર (Accounts Master)

હવે, જરૂરિયાત મુજબ, જોઇતા દલાલોના કોડને વેચાણ એન્ટ્રીમાં દાખલ કરતાં અટકાવી શકાશે. આમ કરવા માટે, આ વિકલ્પ (અકાઉન્ટ માસ્ટર) માં તે દલાલનો કોડ દાખલ કરો અને **Page Down** key દબાવો. ત્યાર બાદ "Block this A/c?" સામે **Y** ( Yes માટે) દાખલ કરો.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, "Deposited In" ની સામે, બેંક ખાતાના કોડને બદલે દલાલનો કોડ પણ દાખલ કરી શકાશે. આ પ્રમાણે એન્ટ્રી દાખલ કરતાં, તે રકમને, તે દલાલ ખાતે ઉધારવામાં આવશે.

## બેંક રીકન્સીલેશન સ્ટેટમેન્ટ (Bank Reconciliation Statement)

હવે, એક્સટર્નલ એન્ટ્રી વિભાગમાં એન્ટ્રી ટાઇપ અને IDN નંબર પણ દર્શાવવામાં આવશે.

## ઉગરાણી કેરી ફોર્વર્ડ (Ughrani C/F)

હાલ, જો પાછલા વર્ષમાં વેચાણ બિલમાં દલાલનો કોડ બદલવામાં આવે અને ત્યાર બાદ ઉગરાણી કેરી ફોર્વર્ડ કરવામાં આવે તો વર્તમાન વર્ષમાં જૂના બિલમાં દલાલનો કોડ બદલાતો નથી. પરંતુ, હવે તે પોતાની મેળે બદલવા એક નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે જેના વિષે આગળ પેરામીટર સેટિંગના વિભાગમાં જણાવવામાં આવ્યું છે.

## પેરામીટર સેટિંગ (Parameter Setting)

અગાઉ જણાવ્યા પ્રમાણે, પાછલા વર્ષમાં વેચાણ બિલમાં દલાલનો કોડ સુધારી ઉગરાણી કેરી ફોર્વર્ડ કર્યા બાદ વર્તમાન વર્ષમાં પણ તે બિલમાં દલાલનો કોડ પોતાની મેળે બદલાઇ જાય તે માટે એક નવો વિક્લ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પમાં ફેરફાર કરવા માટે પાના નંબર ૫ (પાંચ) ઉપર જવું. ત્યાં, "Update Broker Code in old sales bills in the new year" સામે Y (Yes માટે) દાખલ કરી સેવ કરી લેવું. **નોંધ**: સાતત્યતા જાળવવા આ વિકલ્પમાં પાછલા તેમ જ વર્તમાન એમ બન્ને વર્ષોમાં સમાન ફેરફાર કરી લેવા.

# વર્ઝન નંબર ૧૬.૩૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, વેચાણ બિલ પર છાપવા માટે વધારાની નોંધો દાખલ કરવાની / સુધારવાની સુવિધા ઉમેરવામાં આવી છે.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, બીલ નંબર પર **F2** દબાવતાં ઉપલબ્ધ થતી હેલ્પ વિન્ડોમાં, જરૂર પડ્યે, બિલ રકમની ફિલ્ટર રેન્જ પણ જણાવી શકાશે.

# વર્ઝન નંબર ૧૬.૩૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૬.૬ માટે જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

# વર્ઝન નંબર ૧૬.૩૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## આરટીજીએસની એન્ટ્રી (RTGS Entry)

હવે, `Ctrl + Home` પ્રેસ કરી અકાઉન્ટ માસ્ટરના મોડ્યુલમાં જવા માટેની સુવિધા ઉમેરવામાં આવી છે.

હાલ, જો કોઈ વેપારીના ખાતામાં આરટીજીએસ માટે એકથી વધારે બેંક ખાતાની વિગતો દાખલ કરી હોય તો જ તે વિગતો દર્શાવવામાં આવે છે. પરંતુ હવે, જો ફક્ત એક બેંક ખાતાની વિગત દાખલ કરી હશે તો પણ તે વિગત દર્શાવવામાં આવશે.

## ધરૂ લૉટ સારાંશ રિપોર્ટ (Garu Lot Summary Report)

ઉધાર રકમમાંથી, ખરીદ ઉપર લાગુ થયેલ જીએસટીની રકમ બાદ કરવાનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. વધુમાં, એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા પણ ઉપ્લબ્ધ કરવામાં આવી છે.

## ખરીદ દલાલીનો રિપોર્ટ (Purchase Dalali Report)

હવે, બિલ રકમ (`Bill Amount`) ના બદલે કાચી રકમ (`Gross Amount`) દર્શાવવા માટેનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પ, વિગતવાર માહિતીનો વિક્લ્પ (`Detailed Option`) પસંદ કરતી વખતે ઉપ્લબ્ધ થશે.

# <u>વર્ઝન નંબર ૧૬.૩૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>ગોડાઉન માસ્ટર (Godown Master)</u>

વેચાણ બિલ ની એન્ટ્રી કરતી વખતે બિલ નંબર નો ક્રમ બરાબર જળવાઈ રહે તે માટે હવે એક નવો વિકલ્પ "Control Bill Sequence?" ઉમેરવામાં આવ્યો છે. જો કોઇ ગોડાઉન માટે આ વિકલ્પ સામે **Y** (Yes માટે) દાખલ કરવામાં આવશે તો નવું વેચાણ બિલ દાખલ કરતી વખતે તે ગોડાઉન કોડ દાખલ કર્યા બાદ ક્રમ મુજબ જે બિલ નંબર આવતો હશે તે જ બિલ નંબર સ્વીકાર્ય રહેશે, અન્ય નહીં. બીજા શબ્દોમાં આવા કિસ્સાઓમાં ક્રમ બહારનો બિલ નંબર દાખલ થઈ શકશે નહીં.

## <u>માર્ક માસ્ટર (Marks Master)</u>

માસ્ટર મેનૂ હેઠળ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. હવે ૨૫ અક્ષર સુધીના વિસ્તૃત માર્કા જાળવી શકાશે. આ દીર્ઘ માર્કાઓનો ઉપયોગ ફક્ત વેચાણ બિલ પ્રિન્ટ માટે કરવામાં આવશે. અન્ય તમામ સ્થળોએ અગાઉની જેમ જ ટૂંકા માર્કાઓનો ઉપયોગ થશે.

શરૂમાં, વર્તમાન વર્ષમાં દાખલ કરવામાં આવેલ તમામ માર્કાઓ, માસ્ટરમાં દર્શાવવામાં આવશે. વપરાશકારે નામની કોલમ હેઠળ વિસ્તૃત માર્કા દાખલ કરવા. હયાત માસ્ટરમાં સુધારા કરવા **E** દબાવવું. નવા માસ્ટર ઉમેરવા **A** દબાવવું. ઘરૂ આવક, વછાતી આવક તેમ જ મીલીંગ/કન્વર્ઝન એન્ટ્રીમાં નવા માર્કા દાખલ કરતી વખતે વિસ્તૃત માર્કા દાખલ કરવાની સુવિધા પણ ઉમેરવામાં આવી છે.

## <u>ટ્રાન્સપોર્ટ ભાડાંની એન્ટ્રી (Freight Entry)</u>

હવે, લોટ નંબર અને આવકનો નંબર પણ માલભાડાના વાઉચરમાં પ્રિન્ટ કરવામાં આવશે.

## <u>ગ્રાહકોની ખાતાવહી (નવી) (Debtor's Ledger (New))</u>

હવે, ગ્રાહકોના સરનામા, જીએસટી નંબર, ફોન નંબર, વગેરે માહિતી પણ એક્સેલ ફાઇલમાં સામેલ કરવામાં આવશે.

## <u>વ્યાજનો રિપોર્ટ (Interest Report)</u>

હવે, માલભડાની વિગતો પણ એક્સેલ ફાઇલમાં સામેલ કરવામાં આવશે.

## <u>વેચાણના બ્રેક-અપનો રિપોર્ટ (Sales Break-up Report)</u>

એક્સેલ ફાઈલમાં ટોટલની ત્રુટિ સુધારી લેવામાં આવી છે.

## <u>ખાતાઓની સૂચિ (Accounts Listing)</u>

હવે, એક્સેલ ફાઇલમાં ઉધાર ટોટલ તેમ જ જમા ટોટલનો પણ સમાવેશ કરવામાં આવશે.

# <u>વર્ઝન નંબર ૧૬.૩૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>અન્ય વર્ષમાં જવાની સુવિધા (Facility to Switch the Year)</u>

હવે, કાર્યરત કોઇ પણ વર્ષના પેકેજમાંથી બહાર નીકળ્યા વિના પણ અન્ય કોઇ વર્ષમાં દાખલ થવાની એટલે કે તે વર્ષમાં કાર્ય કરવાની નવી સુવિધા ઉમેરવામાં આવી છે. આ સુવિધા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ત્યાર બાદના વર્ષો માટે જ ઉપ્લબ્ધ છે. આ સુવિધા, ફક્ત મુખ્ય મેનુ (Main Menu) અથવા પેટા મેનુ (Sub Menu)માંથી જ ઉપ્લબ્ધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો, આ સુવિધા, કોઈ પણ માસ્ટર અથવા એન્ટ્રી અથવા રિપોર્ટ મોડ્યુલની અંદરથી અથવા વિવિધ સિસ્ટમ વિકલ્પોની અંદરથી કાર્યાન્વિત કરી શકાશે નહીં.

વર્ષ બદલવાની વિન્ડો પ્રકટ કરવા, મુખ્ય અથવા પેટા મેનુમાંથી **** (બૅક સ્લૅશ) ની ચાંપ દબાવો. આ વિન્ડોમાં અંતિમ રૉ(row)માં Options કોલમ હેઠળ Enter લખ્યું હશે. આ રૉ(row)માં ડ્રાઇવ લેટર અને મુખ્ય ફોલ્ડરનું નામ પોતાની મેળે દાખલ કરાયું હશે. આથી, આ રૉ(row)માં વર્ષની કોલમમાં ફક્ત વર્ષના ફોલ્ડરનું નામ દાખલ કરી એન્ટર દબાવતાં તે વર્ષમાં આસાનીથી જઇ શકાશે.

સફળતાપૂર્વક બદલી કરી ચુકાયેલ વર્ષની વિગતો જેવી કે ડ્રાઇવ લેટર, મુખ્ય ફોલ્ડરનું નામ, વગેરે પેકેજ દ્વારા પોતાની મેળે સાચવી દર્શાવવામાં આવશે જેથી બીજી વખતે યોગ્ય રૉ (row) ઉપર ફક્ત એન્ટર દબાવતાં જ તે વર્ષમાં જઇ શકાશે.

વધુમાં, આ સુવિધાના ઉપયોગ દ્વારા અન્ય ડ્રાઇવ અથવા મુખ્ય ફોલ્ડરમાં રહેલ અન્ય કોઇ વર્ષમાં પણ સહેલાઇથી જઇ શકાશે. દા.ત. જો તમે લોકલ ડ્રાઇવમાં (જેમ કે C ડ્રાઇવમાં) અન્ય નામ ધરાવતાં મુખ્ય ફોલ્ડર (જેમ કે BFA) માં તે જ નાણાકીય વર્ષમાં અથવા અન્ય કોઇ વર્ષમાં જવા માગતા હો તો અનુક્રમે C, BFA અને તે વર્ષના ફોલ્ડરનું નામ દાખલ કરી એન્ટર દબાવો. ઇન્ડેક્સીંગ કર્યા બાદ જોઇતું કાર્ય પૂર્ણ કરો. આ સુવિધાનો પ્રાથમિક ઉદ્દેશ, તે વર્ષમાં નવી વિગતો દાખલ કરવાનો અથવા જુની વિગતો સુધારવાનો ન હોઇ, તે વર્ષની હયાત વિગતોની ચકાસણી કરવાનો વધુ છે.

**<u>ચેતવણી:</u> જો તમે ફક્ત વિગતો તપાસવાના હેતુથી જ અન્ય ડ્રાઇવ અથવા મુખ્ય ફોલ્ડરમાં પરંતુ તે જ નાણાકીય વર્ષ ધરાવતાં ફોલ્ડરમાં ગયા હો તો વર્તમાન ફોલ્ડરમાં પાછા આવવાનું ભૂલતાં નહીં. વર્તમાન ફોલ્ડરમાં પાછા ગયા વગર બદલી કરેલ ફોલ્ડરમાં જો તમે નવી વિગતો દાખલ કરવાનું અથવા હયાત વિગતો સુધારવાનું શરૂ કરશો તો તે નવી વિગતો / સુધારાઓ, સ્વભાવિકપણે વર્તમાન ફોલ્ડરમાં સમાવિષ્ટ ન થતાં, બદલી કરાયેલ ફોલ્ડરમાં ઉમેરાશે.**

વણજોઇતી રૉ (row) દૂર કરવા **Del / Delete** ચાંપ દબાવો. રૉ (row)ને ઉપર તરફ ખસેડવા **Ctrl+Up Arrow** નો ઉપયોગ કરો.

જો બન્ને વર્ષમાં પ્રોગ્રામનો વર્ઝન નંબર એક જ હશે તો જ અન્ય દાખલ કરેલ વર્ષમાં જઇ શકાશે, અન્યથા નહીં, તે ખાસ નોંધવું.

## ભાવ ફરકની રકમ વેચાણ ખાતે જમા કરવાની સુવિધા (Option to Credit Rate Difference to Sales A/c)

હાલ, ઘરૂ વેચાણ દરમ્યાન થયેલ દલાલોના ભાવ ફરકની રકમ સંબંધિત દલાલોના ખાતામાં અથવા તો અન્ય કોઇ સામાન્ય ભાવ ફરકના ખાતામાં, પસંદ કરેલ વિકલ્પ અનુસાર, જમા થાય છે. હવે, એક નવો વિક્લ્પ ઉમેરવામાં આવ્યો છે જેના થકી ભાવ ફરકની રકમ, ઉપર જણાવેલ ખાતાઓને બદલે, સીધા વેચાણ ખાતામાં જ જમા કરી શકાશે. આમ કરવા માટે, સિસ્ટમ મેનુમાં પેરામીટર્સ હેઠળ પેરામીટર સેટિંગનો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ, **Page Down** ના ઉપયોગથી પાના નંબર 3 ઉપર જવું. હવે, **"Credit Garu Rate Difference to Sales A/c"** વિક્લ્પ સામે **Y** દાખલ કરો અથવા ખાલી રાખો અને સેવ કરો. અગાઉ દાખલ થઇ ગયેલ વેચાણ એન્ટ્રી સંબંધિત ભાવ ફરકની રકમને દલાલના ખાતામાંથી વેચાણ ખાતામાં લઇ જવા તારીજ પ્રોસેસિંગ વિકલ્પમાં "Process All Dates" નો વિકલ્પ પસંદ કરવો.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

હવે, અન્ય એક્સેલ ફાઇલો સાથે **amend** નામ ધરાવતી નવી એક્સેલ ફાઇલ પણ તૈયાર થશે. જે ગ્રાહકના જીએસટી નંબર ચાલુ વર્ષમાં દાખલ કરવામાં આવ્યાં હશે અથવા તેમાં ફેરફાર કરવામાં આવ્યાં હશે તેમના વેચાણ, વેચાણ પરત અને રસીદોની વિગતો આ ફાઇલમાં સામેલ કરવામાં આવશે. જે મહિનાનું જીએસટીઆર -૧ રીટર્ન ફાઇલ કરવા માટે અન્ય ફાઇલો તૈયાર કરવામાં આવી હશે તેનાથી અગાઉના મહિના સુધીના સમયગાળા દરમ્યાનની વિગતો આ ફાઇલમાં સામેલ કરવામાં આવશે. દા.ત. જો તમે જુલાઈ મહિના માટેની એક્સેલ ફાઇલો તૈયાર કરી રહ્યા હશો તો, એપ્રિલથી જૂન સુધીની વિગતોનો આ ફાઇલમાં સમાવેશ કરવામાં આવશે. આ ફાઇલ જીએસટીઆર - ૧ રિટર્નમાં સામેલ **amendment sheet** તૈયાર કરવામાં ઉપયોગી થશે. અત્રે એ નોંધવું ઉચિત રહેશે કે ફક્ત જીએસટી નંબરમાં ફેરફારના કારણે ઉદ્દભવતા સુધારાની વિગતોનો આ ફાઇલમાં સમાવેશ કરવામાં આવશે. અન્ય વિગતોમાં ફેરફારને કારણે ઉદ્દભવતા સુધારાની વિગતોનો આ ફાઇલમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

**Amendment sheet** માટે એક વાર જોઇતી વિગતો મોકલી દીધા બાદ વપરાશકારે તેને પેકેજ દ્વારા જળવાતી ફાઇલોમાંથી કાઢી નાખવાના રહેશે, જેથી આગામી મહિનાનું રિટર્ન ફાઇલ કરતી વખતે તે વિગતોને ફરી પાછા **amend** ફાઇલમાં સામેલ થતાં અટકાવી શકાય. આમ કરવા માટે, આ મોડ્યુલમાંથી બહાર નીકળતાં, પ્રકટ થતાં વિકલ્પોમાંથી "Mange Amendment List" વિકલ્પ પસંદ કરવો. આપેલ સુચનો મુજબ પગલાં લઇ વણજોઇતી વિગતો ફાઇલમાંથી દૂર કરી નાખવી.

# વર્ઝન નંબર ૧૬.૩૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

હવે, ગોડાઉન ટ્રાન્સફર એન્ટ્રી મોડ્યુલમાંથી દાખલ કરવામાં આવેલ ખરીદ માલ પરતની વિગતોનો પણ HSN ફાઇલમાં સમાવેશ કરવામાં આવશે.

## જીએસટીઆર-૯ ફાઇલો (GSTR-9 Files)

જીએસટીનું વાર્ષિક રિટર્ન ફાઇલ કરવા જોઇતી વિગતો ઉપ્લબ્ધ કરાવવા માટે નવું મોડ્યુલ દાખલ કરવામાં આવ્યું છે. આ મોડ્યુલ દ્વારા રજીસ્ટર્ડ અને અનરજીસ્ટર્ડ ગ્રાહકોને વેચાણ કરવામાં આવેલ ટેક્ષેબલ તેમ જ ટેક્ષફ્રી માલની વિગતો દર્શાવતી એક્સેલ ફાઇલો  તૈયાર કરવામાં આવશે. વધુમાં, ખરીદ તેમ જ વેચાણની HSN નંબર પ્રમાણે વિગતો ધરાવતી ફાઇલો પણ બનાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૨૯ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગ્રાહક માસ્ટરની હેલ્પ (Debtor Master Help)

હયાત ગ્રાહક માસ્ટરમાં સુધારા કરતી વખતે અથવા નવા ગ્રાહક માસ્ટરની એન્ટ્રી કરતી વખતે સીધા FSSAI નંબર ઉપર જવા **F2** પ્રેસ કરવું.

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, ગ્રાહક માસ્ટરની હેલ્પમાંથી સિલેક્ટ કરેલ ગ્રાહકના FSSAI નંબરની સમાપ્તિની તારીખ ખાલી હશે અથવા તે તારીખ વીતી ગઈ હશે તો તે મુજબનો મેસેજ પ્રકટ થશે. સમાપ્તિની તારીખથી અમુક દિવસો અગાઉથી પણ મેસેજ દર્શાવવાની સુવિધા કરવામાં આવી છે. આ માટે બિલ નંબર ઉપર **પેજ અપ** દબાવ્યા બાદ Parameter Setting નો વિકલ્પ પસંદ કરવો. ત્યારબાદ "Alert for Party's FSSAI License…" ની લાઇનમાં, સમાપ્તિની તારીખથી જેટલા દિવસ અગાઉથી મેસેજ દર્શાવવાનું શરૂ કરવું હોય, તે દિવસો દાખલ કરવા. મેસેજ દર્શાવવાની સુવિધા બંધ કરવા તે લાઇનમાં -૧ દાખલ કરવું.

## બાકી FSSAI/GST નંબરનું લિસ્ટ (Pending FSSAI/GST Nos List)

દલાલના રિપોર્ટ (Broker Reports) ના વિકલ્પમાં આ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. જે ગ્રાહકના FSSAI નંબર અથવા GST નંબર અથવા FSSAI નંબરની સમાપ્તિની તારીખ ખાલી હશે તેમનું દલાલ મુજબ લિસ્ટ આ વિકલ્પ દ્વારા મેળવી શકાશે. ભવિષ્યની અમુક તારીખ સુધીમાં સમાપ્ત થતા FSSAI નંબર ધરાવતા ગ્રાહકોનો પણ લિસ્ટમાં સમાવેશ કરવાનો વિકલ્પ પણ ઉપ્લબ્ધ છે. વધુમાં, દરેક દલાલની જુદી જુદી ટેક્સ્ટ ફાઇલ બનાવવાની સુવિધા પણ આ વિકલ્પમાં ઉમેરવામાં આવી છે. પ્રચલિત મેસેજિંગ એપ દ્વારા દરેક દલાલના મોબાઇલ ઉપર તેમના ગ્રાહકોનું લિસ્ટ ટેક્સ્ટ ફાઇલ સ્વરૂપે મોકલવાની આ સુવિધા દરેક વપરાશકારને જરૂરથી ઉપયોગી થશે.

દરેક દલાલ મુજબ જુદી જુદી ટેક્સ્ટ ફાઇલ બનાવી લીધા બાદ તે ફોલ્ડરમાં જઇ RENAMER.BAT નામ ધરાવતી વિન્ડોઝ બેચ ફાઇલને રન કરવું. આમ કરતાં, ફોલ્ડરમાં બનેલ નંબર ધરાવતી ફાઇલો દલાલોના યોગ્ય નામ ધરાવતી ફાઇલોમાં પરિવર્તીત થઇ જશે.

# વર્ઝન નંબર ૧૬.૨૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હાલ, આ એન્ટ્રી મોડ્યુલમાં, વપરાશકારો પાસે, કોઇ પણ હયાત ગ્રાહકના નામ અથવા ઠેકાણા ઉપર **Page Up** પ્રેસ કરી, તેમની અન્ય વિગતો જેવી કે જીએસટી નંબર, ફુડ સેફ્ટી નંબર, એડ્રેસ, ફોન નંબર, વગેરેમાં જોઇતા સુધારા કરી શકવાની સુવિધા હતી. અમુક તાંત્રિક મર્યાદાઓને લીધે, આ સુવિધા હવે પાછી ખેંચી લેવામાં આવી છે. એના સ્થાને, હવે ગ્રાહકની અન્ય વિગતોમાં જોઇતા સુધારા કરવા, વપરાશકારે, પ્રથમ નામ અથવા ઠેકાણા ઉપર **Tab** પ્રેસ કરી ગ્રાહક માસ્ટરની હેલ્પ મેળવવાની રહેશે. ત્યાર બાદ, તે ગ્રાહકના માસ્ટર ઉપર **E** પ્રેસ કરી જરૂરી સુધારા કરવાના રહેશે. જો કે, નવા ગ્રાહકની એન્ટ્રી કરતી વખતે અન્ય વિગતો દાખલ કરવાની સુવિધા અગાઉની જેમ જ ચાલુ રહેશે.

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે, દરેક ગ્રાહકના જીએસટી નંબરની રજીસ્ટ્રેશન તારીખ તેમ જ ફુડ સેફ્ટી નંબરની સમાપ્તિની તારીખ પણ જાળવી શકાશે.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, રદ્દ (Delete) કરેલ રસીદોના નંબર કાઢી નાખવાની સુવિધા ઉમેરવામાં આવી છે. આ માટે રસીદોની હેલ્પ વિન્ડોમાં રદ્દ કરેલ રસીદ ઉપર **Del** પ્રેસ કરવું.

વધુમાં, હવે રસીદોની હેલ્પમાં **Space Bar** દબાવતાં પ્રકટ થતી પેરામીટરની વિન્ડોમાં બેચ નંબર સામે -૧ તેમ જ -૨ પણ દાખલ કરી શકાશે. -૧ દાખલ કરતાં રદ્દ કરેલ રસીદો દર્શાવવામાં આવશે. -૨ દાખલ કરતાં ડાયરેક્ટ જમા કરેલ રસીદો દર્શાવવામાં આવશે.

## જીએસટી સમરી (GST Summary)

હાલ, ફોર્મ નંબર GSTR-3B ના પેરાગ્રાફ નંબર ૩.૧ (c) માં શૂન્ય દરના વેચાણની રકમ તરીકે બિલની રકમ દર્શાવવામાં આવે છે. હવે બિલની રકમની જગ્યાએ ટેક્ષેબલ રકમ દર્શાવવાનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પ થકી વેચાણની રકમનો તાળો મેળવવામાં સુવિધા રહેશે. જે વપરાશકારો બારદાન, એપીએમસી, વટાવ, અન્ય રક્મ સહિતની પૂર્ણ બિલની રકમના બદલે ફક્ત માલની રકમ ઉપર જીએસટી લાગુ કરે છે તેમને આ વિકલ્પ ખાસ ઉપયોગી થશે.

વધુમાં, અન્ય ચુકવણીની સમરી (Other Payments Summary) ના વિભાગમાં ભૂલથી દર્શાવવામાં આવતી RCM GST ની કોલમ હવે દૂર કરી લેવામાં આવી છે.

## વણજોઇતા ખાતાઓની નાબુદી (Remove Unwanted Accounts)

Wrong number of Parameters ની ત્રુટિ નિવારી લેવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૨૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગૂડ્ઝ અને સર્વિસિસ એન્ટ્રી (Goods & Services Entry)

હવે, પાર્ટીના ખાતામાં પણ બિલની રકમ જમા કરવામાં આવશે. અગાઉ, પાર્ટીના ખાતામાં બિલની રકમની ખતવણી થતી ન હતી.

## જુના બાકી બિલોની એન્ટ્રી (Old Sales Bills Entry)

સેવ કરતી વખતે પ્રકટ થતા - Variable GSTNO not found - મેસેજની ત્રુટિ દૂર કરી લેવામાં આવી છે.

## દાણા માસ્ટરની હેલ્પ (Dana Master Help)

હાલ, ન્યુ દાણા દલાલી રિપોર્ટમાં દાણા માસ્ટરની કોલમો, બનાવવાના ક્રમમાં દર્શાવવામાં આવે છે. પરંતુ, હવે તે કોલમોના ક્રમમાં આવશ્યક ફેરફાર કરવાની સુવિધા પણ દાખલ કરવામાં આવી છે. આ માટે દાણા માસ્ટરમાં જઈ દાણા કોડ ઉપર **F1** પ્રેસ કરવું. આમ કરતાં પ્રકટ થતી હેલ્પની વિન્ડોમાં, **Ctrl + Up Arrow** તેમ જ **Ctrl + Down Arrow** ના ઉપયોગ દ્વારા જોઇતી કોલમને જરૂરિયાત મુજબ ઉપર અથવા નીચે ખસેડી શકાશે. દાણા કોલમોને જોઇતા ક્રમમાં ગોઠવ્યા બાદ **Esc** પ્રેસ કરી હેલ્પમાંથી બહાર આવી જવું.

## વેચાણ રજીસ્ટર (Sales Register)

હવે, વેચાણ બિલ સામે જમા થયેલ રકમ તેમ જ બાકી રહેતી રકમની કોલમો પણ ઉમેરવામાં આવી છે. આ કોલમો, એક્સેલ ફાઇલના વિકલ્પ હેઠળ આપવામાં આવેલ ગ્રાહક પ્રમાણે, બિલ મુજબ, તારીખ મુજબ, મહિના મુજબ તેમ જ દાખલ કરેલ સમયગાળા મુજબ (Periodical) સમરીના વિકલ્પો માટે ઉપ્લબ્ધ થશે. જમા રકમને રોક્ડ, ચેક, ડાયરેકટ જમા અને એડજ્સ્ટમેન્ટની રકમની કોલમોમાં વિભાજીત કરી દર્શાવવામાં આવશે.

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હાલ, વેચાણ એન્ટ્રી કરતી વખતે અથવા ગ્રાહક માસ્ટરની હેલ્પ વિન્ડોમાં **M** પ્રેસ કરી, જો કોઇ એક ફર્મ/કંપનીમાં નવું ગ્રાહક માસ્ટર બનાવ્યું હોય તો તે અન્ય દરેક ફર્મમાં પોતાની મેળે ઉમેરાઇ જાય છે. આ તબક્કે, જે પણ અન્ય વિગતો, જેવી કે એડ્રેસ, ફોન નંબર, જીએસટી નંબર, FSSAI નંબર, વગેરે દાખલ કરી હશે તો તે વિગતો પણ અન્ય દરેક ફર્મમાં પોતાની મેળે દાખલ થઇ જાય છે. પરંતુ જો આ વિગતો, વિન્ડોમાં એડિટ કરવા માટે **E** દબાવી પાછળથી દાખલ કરીને સેવ કરી હશે તો તે સઘળી વિગતો અન્ય ફર્મમાં રહેલ તે ગ્રાહકના માસ્ટરમાં પોતાની મેળે દાખલ થઇ જતી નથી. તે વિગતો, દરેક અન્ય ફર્મમાં પણ અલગથી દાખલ કરવી પડે છે. હવે આ ખામી સુધારી લેવામાં આવી છે.

હવેથી, આવી રીતે પાછળથી દાખલ કરેલ અથવા સુધારેલ તમામ વિગતો પણ, અન્ય દરેક ફર્મમાં તે ગ્રાહકના માસ્ટરમાં પોતાની મેળે ઉમેરાઇ જશે અથવા સુધારી લેવાશે. વિગતોમાં સુધારા કર્યા વગર પણ જો ગ્રાહક માસ્ટરને ફક્ત સેવ કરવામાં આવશે તો પણ અન્ય ફર્મમાં સંબધિત વિગતોમાં જરૂરી સુધારા પોતાની મેળે થઇ જશે.

અન્ય ફર્મમાં સુધારા કરવા હેતુ, યોગ્ય, સંબધિત માસ્ટર શોધી કાઢવા માટે ગ્રાહકના નામ, ઠેકાણા તેમ જ દલાલના કોડનો, સરખામણી કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. જો અન્ય ફર્મમાં, તે જ નામ અને ઠેકાણું ધરાવતું એક પણ માસ્ટર નહીં મળે તો તે ફર્મમાં તે ગ્રાહકનું નવું માસ્ટર પોતાની મેળે ઉમેરાઇ જશે. જો તે જ નામ અને ઠેકાણુ ધરાવતું, પણ ભિન્ન દલાલનો કોડ ધરાવતું માસ્ટર ઉપ્લબ્ધ હશે તો, તે નામ અને ઠેકાણુ ધરાવતા તમામ માસ્ટરનું લિસ્ટ તેમની અન્ય વિગતો સાથે એક નવી વિન્ડોમાં પ્રકટ થશે. આ તબક્કે, વપરાશકારે નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદકરવાનો રહેશે. પ્રથમ વિકલ્પ, લિસ્ટમાંથી યોગ્ય માસ્ટર કે જેની વિગતો સુધારવી હશે તે નામ શોધી તેને પસંદ કરવાનો રહેશે. નામ પસંદ કરવા તે નામ ઉપર **Space Bar** દબાવવું. બીજો વિકલ્પ, તે ગ્રાહકનું નવું માસ્ટર ઉમેરવાનો છે. ઉપ્લબ્ધ લિસ્ટમાંથી જો કોઇ પણ માસ્ટર તે ગ્રાહકનું ન જણાય અને નવું માસ્ટર ઉમેરવાનું યોગ્ય લાગે તો `Create new Debtor Master` નો વિકલ્પ **Space Bar** દબાવી પસંદ કરવો. અંતિમ વિકલ્પ, લિસ્ટમાં સામેલ કોઇ પણ માસ્ટરની વિગતો સુધારવાનું તેમ જ નવું માસ્ટર ઉમેરવાનું, બન્ને યોગ્ય ન જણાય તો, **Esc** દબાવી તે પ્રક્રિયા ટાળી દેવાનું છે.

# વર્ઝન નંબર ૧૬.૨૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ગોડાઉન ટ્રાન્સફર એન્ટ્રી (Godown Transfer Entry)

હવે, ખરીદ માલ પરતની એન્ટ્રી કરતી વખતે, નામા સંબધિત વધારાની વિગતો જેવી કે રકમ, માલ પરતના ખાતાનો કોડ, રકમ એડજસ્ટ કરવા ખરીદ એન્ટ્રીનો નંબર (Ref Idn No), જીએસટી કોડ, વગેરે દાખલ કરવાની સુવિધા ઉમેરવામાં આવી છે. આ વિગતો ફક્ત ઘરૂ માલ પરતની એન્ટ્રી કરતી વખતે પુછવામાં આવશે. આ વિગતો, વછાતી માલ માટે અસંબધિત હોઇ, વછાતી માલ પરતની એન્ટ્રી કરતી વખતે, પુછવામાં આવશે નહીં. એટલે કે **Lot No** સામે ઘરૂ માલનો લોટ નંબર તેમ જ **To Godown** સામે **GR** (Goods Returned) દાખલ કર્યું હશે તો જ આ વધારાની વિગતો પુછવામાં આવશે.

આ સુવિધા પ્રાપ્ત થતાં, હવે વપરાશકારે, ઘરૂ / વછાતી પેમેન્ટ એન્ટ્રીમાંથી, સંબધિત ખરીદની એન્ટ્રી સામે માલ પરતની રકમ એડજસ્ટ કરવા માટેની વધારાની એન્ટ્રી નહીં કરવી પડે. આ ઉપરાંત, જીએસટીના વિવિધ ખાતાઓમાં જીએસટીની રકમ જમા કરવા માટે રોજમેળ એન્ટ્રીમાંથી કરવી પડતી વધારાની એન્ટ્રી કરવામાંથી પણ મુક્તિ મળશે.

## જીએસટી સમરી (GST Summary) અને જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

હવે, ઉપર જણાવ્યા પ્રમાણે, ગોડાઉન ટ્રાન્સફર એન્ટ્રીમાંથી દાખલ કરેલ ખરીદ માલ પરતની વિગતો પણ આ બન્ને મોડ્યુલમાં દર્શાવવામાં આવશે.

## વેચાણ રજીસ્ટર (Sales Register)

હવે, ગ્રાહક પ્રમાણે, બિલ મુજબ, તારીખ મુજબ, મહિના મુજબ તેમ જ દાખલ કરેલ સમયગાળા મુજબ (Periodical) સમરીની વિવિધ એક્સેલ ફાઇલો પણ પ્રાપ્ત થશે. આ વધારાના વિકલ્પો, એક્સેલ ફાઇલ વિકલ્પ હેઠળ, ઉમેરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, જો એક્સેલ ફાઇલમાં સામેલ થનાર રેકોર્ડ્સની સંખ્યા મર્યાદા કરતાં વધુ (૧૬,૩૮૩ કરતાં વધુ) હશે તો તેમનો યોગ્ય સમાવેશ કરવા, એકથી વધુ એક્સેલ ફાઇલો બનાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૨૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## દલાલીની એન્ટ્રી (Brokerage Entry)

હવે, જીએસટી સંબધિત વિગતો જેવી કે જીએસટી કોડ, રકમ, વગેરે પણ જરૂર પડ્યે દાખલ કરી શકાશે. ()Others વિકલ્પ ઉપર Space Bar દબાવતાં આ વિગતો દાખલ કરવાની સુવિધા પ્રાપ્ત થશે.

## જીએસટી સમરી (GST Summary)

હવે દલાલી સંબધિત દાખલ કરેલ જીએસટીની વિગતો પણ આ રિપોર્ટમાં સામેલ કરવામાં આવી છે.

## જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

હવે, વ્યાજની એન્ટ્રી (Interest Entry) મોડ્યુલમાંથી દાખલ કરવામાં આવેલ અન્ય ચુકવણીની એન્ટ્રીઓ કે જેની ઉપર જીએસટી લાગુ થયું છે તે એન્ટ્રીઓનો પણ જીએસટીઆર-૨ માટે બનતી ફાઇલોમાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત, દલાલીની એન્ટ્રીઓ કે જેની ઉપર જીએસટી લાગુ કરવામાં આવ્યું છે તેમનો પણ યોગ્ય એક્ષેલ ફાઇલોમાં સમાવેશ કરવામાં આવશે.

## અમુક વધુ રિપોર્ટમાં એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા

## (Excel file option for certain more reports)

હવે, લેજર સમરી (Ledger Summary Report) અને નવું ડિસ્પોઝલ રિપોર્ટ (New Disposal Report) માં પણ એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા ઉપ્લબ્ધ કરાવવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૨૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

અગાઉના વર્ઝનમાં NEFT/RTGS/IMPS, વગેરે દ્વારા બેંક ખાતામાં સીધી જમા થતી રકમ માટેની એન્ટ્રી કરવાની સુવિધા ઉમેરવામાં આવી હતી. પરંતુ, ઉગરાણી અપડેશનમાં રહી ગયેલ એક મામૂલી ત્રુટિને કારણે, રસીદોની હેલ્પમાં દેખાતી ડાયરેક્ટ રસીદની ઓળખ માટેની માટેની નિશાની (Dir કોલમમાં Yes) તેમ જ બેંક રિકન્સીલિયેશનમાં પોતાની મેળે આવતી બેંક તારીખ, આપમેળે નીકળી જતી હતી. આ ક્ષતિને હવે નિવારી લેવામાં આવી છે. અગાઉ દાખલ કરેલ ડાયરેક્ટ જમાની રસીદોમાં, નિશાની તેમ જ બેંક તારીખ, પોતાની મેળે પાછી લાવવા, સહુ પ્રથમ ઉગરાણી અપડેશન કરવું અને ત્યાર બાદ બધી તારીખો (All Dates) નું રસીદ પ્રોસેસીંગ કરવું. આ તબક્કે, એ ધ્યાન રાખવું જરૂરી છે કે, જે ડાયરેક્ટ જમાની રસીદોમાં UTR નંબર દાખલ કરેલ હશે, તે જ રસીદોમાં ઉપર જણાવેલ પગલાંથી નિશાની તેમ જ બેંક તારીખ પોતાની મેળે પાછી આવશે. બીજા શબ્દોમાં, જે ડાયરેક્ટ જમાની રસીદોમાં અગાઉ UTR નંબર દાખલ નહીં કર્યા હોય તે દરેક રસીદને વારાફરથી એડિટ કરી જરૂરી સુધારા જાતે જ કરવાના રહેશે.

વધુમાં, હવે ડાયરેક્ટ રસીદોમાં પોતાની મેળે આવતો ડિપોઝીટ બેંક ખાતાનો કોડ, ચેકની રસીદોના તે માટેના કોડથી અલગ કરવામાં આવ્યો છે. અગાઉ બન્ને પ્રકારની રસીદોમાં એક જ કોડનો ઉપયોગ કરવામાં આવતો હતો.

## કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)

TDS લિમિટથી ઉપર મોટર ભાડું ચુકવતી વખતે જો, ટ્રાન્સ્પોર્ટર દ્વારા યોગ્ય ડેક્લરેશન ફોર્મ રજુ કરવામાં આવ્યું હોય તો,TDS કાપવાનું હોતું નથી. અત્યાર સુધી, TDS ના ત્રિમાસિક રિટર્નમાં આવી એન્ટ્રીઓનો પોતાની મેળે સમાવેશ કરવામાં આવતો હતો. પરંતુ હવેથી, રિટર્નમાંથી આવી તમામ એન્ટ્રીઓને બાકાત રાખવામાં આવશે. પરંતુ, જો તમે આવી એન્ટ્રીઓનો રિટર્નમાં સમાવેશ કરવા ઇચ્છતા હો તો, હાલ ઉમેરવામાં આવેલ નવા વિકલ્પ “Include Freight Entries exceeding TDS Limit but having NIL TDS” ને Space Bar દ્વારા સિલેક્ટ કરીને તેમ કરી શકો છો.

## જીએસટી સમરી (GST Summary)

મહારાષ્ટ્રની બહારના ગ્રાહકો દ્વારા પરત મોકલવામાં આવેલ વેરાપાત્ર માલ ઉપર લાગુ થયેલ GST હાલ, CGST અને SGST ની કોલમો હેઠળ, ત્રુટિપુર્વક દર્શાવવામાં આવતો હતો. આ ક્ષતિને નિવારી લેવામાં આવી છે અને હવે તેને IGST ની કોલમ હેઠળ યોગ્ય રીતે દર્શાવવામાં આવશે.

વધુમાં, હવે અનરજીસ્ટર્ડ તેમ જ કોમ્પોઝિટ સ્કીમ હેઠળ રજીસ્ટર થયેલ મહારાષ્ટ્રની બહારના ગ્રાહકો દ્વારા પરત મોકલવામાં આવેલ માલની વિગતો પણ અનુક્રમે પેરાગ્રાફ નંબર ૩.૨/૧ અને ૩.૨/૨ હેઠળ દર્શાવવામાં આવશે.

# <u>વર્ઝન નંબર ૧૬.૨૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

## <u>જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)</u>

હવે, ઉગરાણી વ્યાજનો પણ HSN માટેની એક્સેલ ફાઇલમાં સમાવેશ કરવામાં આવશે. સ્વાભાવિકપણે, ઉગરાણી વ્યાજને બાકાત રાખવાનો વિકલ્પ પસંદ નહીં કર્યો હોય તો જ તેનો સમાવેશ કરવામાં આવશે.

## <u>રોક્ડ મેળનો રિપોર્ટ (Cash Flow Statement)</u>

એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા ઉપ્લબ્ધ કરવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૨૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## અમુક વધુ રિપોર્ટમાં એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા

## (Excel file option for certain more reports)

હવે, કેશ બુક (Cash Book), બેંક બુક (Bank Book), નોંધ બુક (Journal Book), લેજર (Ledger), સ્ટોક વેલ્યુએશન રિપોર્ટ (Stock Valuation Report), પિરિયોડિકલ સ્ટોક રિપોર્ટ (Periodical Stock Report), વ્યાજનો રિપોર્ટ (Interest Report), તેમ જ દલાલીના રિપોર્ટ (Brokerage Report) માં પણ એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા ઉપ્લબ્ધ થશે.
પિરિયોડિકલ સ્ટોક રિપોર્ટમાં આ સુવિધા નવા ફોર્મેટ (New Format) ના વિકલ્પમાં ઉપ્લબ્ધ થશે.

# વર્ઝન નંબર ૧૬.૨૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, NEFT/RTGS/IMPS, વગેરે દ્વારા બેંક ખાતામાં સીધી જમા થતી રકમ માટેની એન્ટ્રી કરવા સંબંધિત જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે. આ માટે મુખ્ય સ્ક્રીનમાં **F5** દબાવ્યા બાદ પ્રકટ થતી રોકડ/ચેકની વિગતો દાખલ કરવાની વિન્ડોમાં **F4** પ્રેસ કરવું. આમ કરતાં ડાયરેક્ટ જમા થતી રકમની વિગતો દાખલ કરવાની વિન્ડો પ્રકટ થશે. આ વિન્ડોમાં UTR No અને બેંક ખાતાનો કોડ દાખલ કરી સેવ કરી લેવું. આ વિન્ડોમાંથી રોકડ/ચેકની વિન્ડોમાં પરત જવા **F4** પ્રેસ કરવું.

જો તમે, રસીદની તારીખ દાખલ કર્યા બાદ રોકડ અથવા ચેકની પસંદગી કરવાની સુવિધાનો ઉપયોગ કરતા હશો તો હવે તેમાં ડાયરેક્ટ જમા રકમ માટેનો ત્રીજો "Dir" વિકલ્પ પણ ઉપ્લબ્ધ થશે. આ વિકલ્પ પસંદ કર્યા બાદ મુખ્ય સ્ક્રીનમાં **F5** પ્રેસ કરતાં ડાયરેક્ટ જમા થતી રકમની વિગતો દાખલ કરવાની વિન્ડો પ્રકટ થશે. અગાઉ જણાવ્યા પ્રમાણે, આ વિન્ડો અને રોકડ/ચેકની વિગતોની વિન્ડોમાં જવા/આવવા **F4** key નો ઉપયોગ કરવો.

**નોંધ**: ડાયરેક્ટ જમા થતી રકમની રસીદોમાં બેચ નંબરમાં -2 નો ઉપયોગ કરવામાં આવશે.
વધુમાં, Receipt Processing, Daily Receipts Report, Receipts Summary Report, Debtor's Ledger (New), Bank Slip, Bank Reconciliation અને Cheque Return Entry મોડ્યુલમાં પણ સંબંધિત જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

## વેચાણ રજીસ્ટર(વેટ માટે) (Sales Register (VAT Purpose)) અને ખરીદ રજીસ્ટર (વેટ માટે) (Purchase Register (VAT Purpose))

જીએસટી સંબંધિત સુધારા કરવામાં આવ્યાં છે.

## અમુક વધુ રિપોર્ટમાં એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા

## (Excel file option for certain more reports)

હવે, ખરીદ રજીસ્ટર (Purchase Register), વેચાણ રજીસ્ટર (Sales Register), કાચું સરવૈયું (Trial Balance), નવું ટ્રેડીંગ અને નફા નુકશાની ખાતું (New Tr & P/L A/c) તેમ જ પાકું સરવૈયું (Balance Sheet) માં પણ એક્સેલ ફાઇલ બનાવવાની સુવિધા ઉપ્લબ્ધ થશે.

# વર્ઝન નંબર ૧૬.૨૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

### સ્ટોક હેલ્પ વિન્ડોમાં Idn No અને ખરીદભાવ ન દર્શાવવાની સુવિધા

હાલ, સ્ટોક હેલ્પની વિન્ડોમાં, અન્ય માહિતી સાથે, આવકનો Idn No અને ખરીદ ભાવ પણ દર્શાવવામાં આવે છે. હવે, જો જરૂરી હોય તો, ગુપ્તતા જાળવવા માટે આ કૉલમો ન દર્શાવવા માટેની સુવિધા પણ ઉમેરવામાં આવી છે. આ માટે, બિલ નંબર ઉપર **Page Up** દબાવી પેરામીટર સેટિંગના વિકલ્પમાં જતાં આ સુવિધા ઉપલબ્ધ થશે. "Do not show [ ] Idn No, [ ] Rate, fields in Stock Help Window" ની લાઇનમાં, **Spacebar** ના ઉપયોગ દ્વારા, Idn No અને Rate ને જરૂરિયાત મુજબ પસંદ અથવા નાપસંદ કરી શકાશે. આ ફેરફારોને અધિકૃત કરવા માટે, જો પાસવર્ડ પૂછવામાં આવે તો, ત્યાં Year End Reportsના વિકલ્પમાં જવા માટેના પાસવર્ડનો ઉપયોગ કરવો.

વધુમાં, વેચાણ બિલની ડુપ્લિકેટ પ્રિન્ટને રોકવાની સુવિધાનો પણ ત્યાર બાદની લાઇનમાં આપવામાં આવેલ વિકલ્પ દ્વારા ઉપયોગ કરી શકાશે.

### ગ્રાહકોને બ્લોક કરવાની સુવિધા

હવે, કોઇ પણ ગ્રાહકના બાકી રહેલા બિલોના આધારે, તેમના નામે નવું વેચાણ બિલ બનતા અટકાવવાની નવી સુવિધા ઉમેરવામાં આવી છે. આ માટે, ત્યાર બાદની લાઇન "( ) Press SpaceBar for Setting Parameters to Block a Debtor" ઉપર **Spacebar** દબાવતાં પ્રકટ થતી નવી વિન્ડોમાં વિવિધ વિકલ્પો આપવામાં આવ્યાં છે. કુલ્લે ત્રણ વિકલ્પો ઉપ્લબ્ધ છે જેનું વિગતવાર વિવરણ નીચે મુજબ છે.

પ્રથમ વિકલ્પ દ્વારા, કોઇ પણ ગ્રાહકના સૌથી જૂના બિલની વયને આધારે તે ગ્રાહકના નવાં વેચાણ બિલ બનતાં રોકી શકાશે. જો કોઇ ગ્રાહકનું જુનામાં જુનું બાકી બિલ, આ વિકલ્પમાં દાખલ કરેલા દિવસોથી વધુ જુનું હશે તો તે ગ્રાહકને બ્લોક કરવામાં આવશે.

બીજો વિકલ્પ, જે તે ગ્રાહકના બાકી બિલોની કુલ સંખ્યાના આધારે તેમને બ્લોક કરશે. જે ગ્રાહકના બાકી બિલોની કુલ સંખ્યા આ વિકલ્પમાં દાખલ કરેલ સંખ્યાથી વધુ હશે તો તે ગ્રાહકનું નવું વેચાણ બિલ બનાવી શકાશે નહીં.

ગ્રાહકના બાકી બિલોની કુલ રકમના આધારે તેમને બ્લોક કરવા ત્રીજા વિક્લપનો ઉપયોગ કરવો. આ વિકલ્પ હેઠળ, જે ગ્રાહકની ઉઘરાણીની કુલ રકમ, આ વિક્લ્પમાં દાખલ કરેલ રકમ કરતાં વધુ હશે તો તેને બ્લોક કરવામાં આવશે.

જો તમે ગ્રાહકને બ્લોક કરવા માટે એક્થી વધુ વિકલ્પ પસંદ કર્યાં હશે તો, કોઇ ગ્રાહકને તેમાંથી એક પણ શરત લાગુ પડતાં જ તે ગ્રાહકને બ્લોક કરવામાં આવશે. આથી, સ્વભાવિકપણે, આ સુવિધાનો ઉપયોગ ન કરવો હોય તો, ત્રણે વિકલ્પોમાંથી દાખલ કરેલ રકમ / સંખ્યા દૂર કરી લેવી.

શરતોની ચકાસણી કરતી વખતે, બાકી રાખેલ ચેક રિટર્ન, તેમ જ આંશિકપણે બાકી રહેતાં બિલો અને ચેક રિટર્નની પણ ગણત્રી કરવામાં સામેલ કરવામાં આવશે તે નોંધી લેવું. જો તમે, બાકી ચેક રિટર્ન અથવા આંશિકપણે ચુકવાયેલ બિલને ગણત્રીમાં સામેલ ન કરવા ઇચ્છતા હો તો, દરેક શરતોની નીચે દર્શાવેલ તેમને બાકાત રાખવાના વિકલ્પો (Ignore Options), જરૂરિયાત મુજબ પસંદ કરવા. આ ઉપરાંત, નાની રકમના બિલોને ગણત્રીમાંથી બાકાત રાખવા માટેનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. આ માટે "Ignore bill if its unpaid amount is upto Rs." સામે જરૂરિયાત મુજબ જોઇતી રકમ દાખલ કરવી. આ ફેરફારોને અધિકૃત કરવા માટે યોગ્ય પાસવર્ડ દાખલ કરવું. પ્રથમ પાસવર્ડ તરીકે 0 (ઝીરો) દાખલ કરવું.

<u>ગ્રાહકોને બ્લોક કરવા અંગે</u>

નવું બિલ બનાવતી વખતે, ગ્રાહકનું નામ અને ઠેકાણું નાખ્યા બાદ, જો કાર્યાન્વિત કરવામાં આવેલી કોઇ પણ શરત લાગુ પડતી હશે તો તે ગ્રાહકને બ્લોક કરવામાં આવશે. જો કે, ઉપર જણાવેલ પાસવર્ડ દ્વારા, તમે એ બિલમાં તે ગ્રાહક ઉપરના બ્લોકને હંગામી ધોરણે દૂર કરી શકશો. દરેક નવું વેચાણ બિલ બનાવતી વખતે, દાખલ કરેલા ગ્રાહક માટે આ શરતોની ચકાસણી કરવામાં આવશે. પરંતુ, બિલ સેવ કરી લીધા બાદ, તેમાં સુધારા કરતી વખતે, એટલે કે એડિટ કરતી વખતે, આ શરતોની ચકાસણી કરવામાં નહીં આવે, સિવાય કે તમે ગ્રાહકનાં નામ/ઠેકાણામાં ફેરફાર કર્યાં હશે.

# વર્ઝન નંબર ૧૬.૧૯ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## cવ્યાજની એન્ટ્રી (Interest Entry)

અગાઉના વર્ઝનમાં જીએસટી સંબંધિત ફેરફારો કરવામાં આવ્યા હતાં, જેમાં જીએસટી કોડ, જીએસટી રકમ, એચએસએન કોડ, વગેરે માહિતી દાખલ કરવાની સુવિધા આપવામાં આવી હતી. હવે, આ માહિતીની, જરૂર પડતાં, એકથી વધુ લાઇનો પણ દાખલ કરી શકાશે.

હવે જીએસટીપાત્ર આવકો, જેવી કે ગોડાઉન ભાડું, વગેરેની એન્ટ્રી કરતી વખતે વપરાશકારે બિલ નંબર પણ દાખલ કરવાનો રહેશે. આ બિલ નંબરની વિશિષ્ટતા જાળવવા (જેથી સામાન્ય વેચાણના બિલ નંબરથી તેને અલગ તારવી શકાય) તેની આગળ "OR-" (અન્ય આવક) અથવા "OSAL-" અન્ય વેચાણ) અથવા "SRV-" (સેવા) અથવા અન્ય કોઇ પણ પસંદગીનું યોગ્ય પ્રીફીક્સ દાખલ કરવું.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હાલ, રસીદની એન્ટ્રી સેવ કરતી વખતે, ઉઘરાણીના વ્યાજ માટે ડેબિટ નોટ નંબર સર્જિત થાય છે. આ ડેબિટ નોટ નંબરનો ક્રમ વાર્ષિક ધોરણે જાળવવામાં આવે છે.રસીદોમાં વ્યાજ, વગેરે જેવી સંવેદનશીલ માહિતીમાં સુધારા કરતાં અથવા અમુક રસીદો તારીખ મુજબ દાખલ ન કરતાં ડેબિટ નોટ નંબરના ક્રમમાં નિયમિતતા જળવાતી નથી.

આ સમસ્યાના ઉકેલ માટે, હવે ડેબિટ નોટ નંબર માસિક ધોરણે સર્જિત કરવાની નવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે.આ વ્યવસ્થા હેઠળ વપરાશકારે પોતે ડેબિટ નોટ નંબર સર્જિત કરવાના રહેશે.આ માટે રસીદ નંબર ઉપર **Page Up** પ્રેસ કરી **Assign Dr Note Nos** નો વિકલ્પ પસંદ કરવો. ત્યારબાદ યોગ્ય મહિનો સિલેક્ટ કરી કાર્ય પૂર્ણ કરવું. ડેબિટ નોટ નંબર સર્જિત કરવાનો વિકલ્પ પસંદ કરતાં પહેલાં તે મહિનાની સમગ્ર રસીદો દાખલ કરી લેવી તેમ જ રસીદોમાં રહી ગયેલી તમામ ત્રુટિઓ દૂર કરી જરૂરી સુધારા કરી લેવા.કર નિષ્ણાતને જીએસટીઆર-૧ માટેની ફાઇનલ ફાઇલો મોકલતાં ક્ષણિક અગાઉ જ આ વિકલ્પનો ઉપયોગ કરવું સલાહભર્યું રહેશે.

આ નવી વ્યવસ્થાને યોગ્ય રીતે લાગુ કરવા, હાલ જુની રીત પ્રમાણે અપાઇ ગયેલા ડેબિટ નોટ નંબરને દૂર કરવાનાં રહેશે. પરંતુ, તેની સાથે સાથે, જે મહિના સુધીનું જીએસટીઆર-૧ રિટર્ન ફાઇલ થઇ ગયું હોય ત્યાં સુધીના ડેબિટ નોટ નંબર જેમ છે તેમ જાળવવાની કાળજી પણ રાખવી પડશે. આ હેતુ પાર પાડવા, નવું વર્ઝન ઇન્સટોલ કરતી વખતે, છેલ્લા કયા મહિના સુધીનું જીએસટીઆર-૧ રિટર્ન ફાઇલ થઇ ગયું છે તે જણાવવાનું રહેશે. આ તબક્કે વપરાશકારે તે મહિનો અત્યંત ચોક્કસાઇપુર્વક સિલેક્ટ કરવો અને આગળ વધવું. આ રીતે ફક્ત ત્યારબાદના મહિનાઓ દરમ્યાન અપાયેલ ડેબિટ નોટ નંબરોને જ દૂર કરવામાં આવશે. વપરાશકારે, પાછળથી, ઉપર જણાવ્યા પ્રમાણે નવી પ્રથા મુજબ યોગ્ય સમયે ડેબિટ નોટ નંબર આપવાનાં રહેશે.

## જીએસટી સમરી (GST Summary)

ઉગરાણી વ્યાજને બાકાત રાખવાનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

હવે, વ્યાજની એન્ટ્રી મોડ્યુલમાંથી દાખલ કરવામાં આવેલ જીએસટી પાત્ર અન્ય આવકો, જેવી કે ગોડાઉન ભાડું, વગેરેની માહિતી નો પણ રિટર્ન માટેની ફાઇલોમાં સમાવેશ કરવામાં આવશે. TALLY ફોલ્ડરની અંદર OTHERSAL નામની નવી ફાઇલ પણ બનાવવામાં આવશે જેમાં આ વિગતોનો સમાવેશ કરવામાં આવશે. વધુમાં, ઉગરાણી વ્યાજને બાકાત રાખવાનો વિકલ્પ પણ ઉમેરવામાં આવ્યો છે.

# વર્ઝન નંબર ૧૬.૧૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## પેમેન્ટ માસ્ટર અપડેશન (Payment Master Updation)

હવે, વ્યવસાયિક ફી, ગોડાઉન ભાડું, કોલ્ડ સ્ટોરેજ ચાર્જ, ઈત્યાદિ જેવા ટીડીએસપાત્ર વ્યવહારો ઉપર જીએસટી પણ લાગુ કરવા માટે, તેમના માસ્ટરમાં, નીચે જણાવ્યા પ્રમાણે, અમુક વધારાના પેરામીટર્સ જણાવવાના રહેશે. આ વધારાના પેરામીટર્સ એટલે કે Apply GST?, GST Code અને HSN Code હેઠળની કોલમોમાં ઉચિત માહિતી દાખલ કરવાની રહેશે.

એવા દરેક પેમેન્ટ ટાઇપ કે જેની ઉપર જીએસટી લાગુ થતું હોય તેમની સામે Apply GST? કોલમ હેઠળ **Y** દાખલ કરવું. આ ઉપરાંત જીએસટીના દરનો કોડ તેમ જ તેનો એચએસએન કોડ પણ દાખલ કરવો.

અન્ય પેમેન્ટ ટાઇપ, જેમ કે વ્યાજ, વગેરે, કે જેની ઉપર જીએસટી લાગુ થતું ન હોય તેમની સામે આ કોલમો ખાલી છોડી દેવી.

વધુમાં, દલાલી (જેમાં પેમેન્ટ માસ્ટરમાં મેન કોડ હેઠળ **B** દાખલ કર્યું હશે) અને મોટર ભાડા (જેમાં પેમેન્ટ માસ્ટરમાં મેન કોડ હેઠળ **F** દાખલ કર્યું હશે) માટે અલગ એન્ટ્રી મોડ્યુલ ઉપલબ્ધ હોઇ, આ માસ્ટર સામે ઉપર જણાવેલ કોલમો હેઠળ દાખલ કરવામાં આવેલ માહિતીનો કોઇ ઉપયોગ થશે નહીં.

## વ્યાજની એન્ટ્રી (Interest Entry)

હવે, ગોડાઉન ભાડા, કોલ્ડ સ્ટોરેજ ચાર્જ, વગેરેની રકમ દાખલ કર્યા બાદ એક નવી વિન્ડો પ્રકટ થશે જેમાં જીએસટી સંબધિત માહિતી, જેવી કે જીએસટીનો કોડ, જીએસટીની રકમ, વગેરે, દાખલ કરવાની રહેશે. આ નવી વિન્ડો, જીએસટી લાગુ થયા બાદની તારીખોમાં એન્ટ્રી કરતી વખતે, ફક્ત જો પેમેન્ટ માસ્ટરમાં તે પેમેન્ટ ટાઇપ સામે " Apply GST?" કોલમ હેઠળ **Y** દાખલ કર્યું હશે તો જ, પ્રકટ થશે. અન્યથા નહીં. પેમેન્ટ માસ્ટરમાં જણાવેલ જીએસટી કોડ પોતાની મેળે એન્ટ્રીમાં પ્રકટ થશે. જો તમે કોઇ વ્યક્તિને ચુકવણીની એન્ટ્રી કરતાં હો અને તે વ્યક્તિએ, આપેલ સેવા બદલ, બિલ રજુ કર્યું હોય તો તે બિલ નંબર અને તારીખ પણ દાખલ કરવી.

## જીએસટી સમરી (GST Summary)

વ્યાજની એન્ટ્રીમાં જીએસટી સંબધિત કરવામાં આવેલ સુધારાઓની અસર રિપોર્ટમાં સામેલ કરવા જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે.

**નોંધ**: ઉપરોક્ત સુધારાઓને અનુલક્ષીને GSTR-1 અને GSTR-2 માં જોઇતા જરૂરી સુધારાઓ હવે પછીના વર્ઝનમાં ઉપ્લબ્ધ થશે.

# વર્ઝન નંબર ૧૬.૧૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઘરૂ આવક એન્ટ્રી (Garu Aavak Entry)

હવે, ૧૬ આંકડા ધરાવતો વધારાનો બિલ નંબર પણ પુછવામાં આવશે. આ બિલ નંબરનો ઉપયોગ જીએસટીઆર-૨ માટે બનતી ફાઇલોમાં કરવામાં આવશે.

## ગૂડ્ઝ અને સર્વિસિસ એન્ટ્રી (Goods & Services Entry)

જીએસટી સંબંધિત જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે. હવે, માલનું વિવરણ, hsn કોડ, ટેક્ષેબલ રકમ, જીએસટીની રકમ, વગેરે જેવી વિગતો દરેક આઇટમ માટે જાળવી શકાશે. બિલની તારીખ પણ દાખલ કરી શકાશે. તેમ જ બિલ નંબરની લંબાઇ પણ ૧૬ આંક્ડાની કરવામાં આવી છે.

**નોંધ** : જો તમે અગાઉ, ૧ જુલાઇ ૨૦૧૭ અથવા ત્યાર બાદની તારીખની એન્ટ્રીઓ કરી હોય તો, તે દરેકને એક પછી એક એડીટ કરી, તેમાં માલનુ વિવરણ, એચએસએન કોડ, નેરેશન તેમ જ અન્ય વિગતોમાં જરૂરી સુધારા કરી લીધા બાદ સેવ કરી લેવું.

## જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

હવે, ગૂડ્ઝ અને સર્વિસિસ એન્ટ્રીમાંથી દાખલ કરેલ અન્ય માલ અને સેવા ખરીદીની વિગતોનો પણ જીએસટીઆર-૨ માટે બનતી ફાઇલોમાં સમાવેષ કરવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૬.૧૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## જીએસટીઆર-૨ ફાઇલો (GSTR-2 Files)

જીએસટી રિપોર્ટ હેઠળ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

**નોંધ**: આ મોડ્યુલ દ્વારા તૈયાર કરવામાં આવેલ ફાઇલોની સાથે, ખરીદી માલ પરતની વિગતો પણ તમારા કર સલાહકારને અલગથી આપવી. આ ઉપરાંત, અન્ય ખરીદી જેવી કે કેપિટલ એસેટ, ઓફીસ ખર્ચ અથવા અન્ય તમામ ખરીદી કે જેની ઇનપુટ ટેક્ષની ક્રેડિટ લેવી હોય, તેની પૂર્ણ વિગતો પણ અલગથી આપી દેવી.

## ટ્રાન્સપોર્ટ ભાડાંની એન્ટ્રી (Freight Entry)

જીએસટીઆર-૨ માટે જરૂરી ફાઇલો બનાવવા સંબધિત સુધારા કરવામાં આવ્યાં છે.

આ ઉપરાંત, મોટર ભાડાનો HSN કોડ પણ જણાવવો. આ માટે IDN No ઉપર પેજ અપ પ્રેસ કરવું. ત્યાર બાદ, પેરમીટર્સ સેટિંગનો વિકલ્પ પસંદ કરવો. મોટર ભાડાનો HSN કોડ દાખલ કરી સેવ કરી લેવું.

# વર્ઝન નંબર ૧૬.૧૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

હવે, એક્સેલ ફાઈલોના નામમાં તારીખનો સમાવેશ કરવામાં આવશે નહીં. દા.ત. b2b0210 ના બદલે b2b નામની ફાઇલ બનાવવામાં આવશે. તે જ પ્રમાણે આ મોડ્યુલમાંથી બનતી તમામ અન્ય એક્સેલ ફાઇલોના નામમાં પણ તારીખનો સમાવશે થશે નહીં. આ ફેરફારને કારણે, હવે, નવી ફાઇલો, અગાઉ બનાવેલી જુની ફાઇલોનું સ્થાન લેશે. આથી, જો તમે અગાઉ બનાવેલ ફાઇલોને, સરખામણી કરવા માટે અથવા કોઈપણ અન્ય હેતુઓ માટે, સાચવવા માગતા હો તો નવી ફાઇલો બનાવતાં પહેલાં તેમને અન્ય કોઇ સ્થળે કોપી કરી લેવી અથવા નવી ફાઇલો બનાવતી વખતે તેમના ફોલ્ડરનું નામ બદલી નાખવું.

વધુમાં, હવે એક્સેલ ફાઈલોના ૨ સેટ્સ બનાવવામાં આવશે. આ માટે, મહિનાના ફોલ્ડરની અંદર ટેલી (tally) નામનું એક વધારાનું ફોલ્ડર બનાવવામાં આવશે. ફેરચકાસણી માટે જરૂરી વધારાની લાઇનો (rows) અને કોલમો ધરાવતી તમામ ફાઇલો ટેલી ફોલ્ડરમાં બનાવવામાં આવશે. મહિનાના ફોલ્ડરમાં બનતી તમામ એક્સેલ ફાઇલોમાં ફક્ત જરૂરી માહિતીનો જ સમાવેશ કરવામાં આવશે. આથી, GSTR-1 ટેમ્પ્લેટની અંદર જરૂરી માહિતી સરળતાથી દાખલ કરી શકાશે. દા.ત. મહિનાના ફોલ્ડરની અંદર બનતી exemp ફાઇલમાં ફક્ત નેટ વેચાણની માહિતીનો જ સમાવેશ કરવામાં આવશે. આનાથી GSRT-1 ટેમ્પ્લેટમાં નેટ વેચાણની માહિતી દાખલ કરવામાં (કોપી/પેસ્ટ) કરવામાં સરળતા રહેશે. વેચાણ, ઉઘરાણી વ્યાજ અને વેચાણ પરતની વિગતોનો સમાવેશ ટેલી ફોલ્ડરની અંદર બનતી exemp ફાઇલમાં કરવામાં આવશે. આ જ પ્રમાણે hsn ફાઇલમાં ફક્ત નેટ વેચાણની લાઇનો (rows) નો જ સમાવેશ કરવામાં આવશે. વેચાયેલા નંગમેળની કોલમનો પણ સમાવેશ કરવામાં આવશે નહીં. આઇટમના નામની કોલમ પણ ખાલી રાખવામાં આવશે. આ તમામ માહિતી ટેલી ફોલ્ડરની અંદર બનેલ hsn ફાઇલમાં ઉપ્લબ્ધ થશે. રિટર્નમાં કિલોગ્રામની જગ્યાએ નંગમેળની માહિતી મોકલવા ટેલી ફોલ્ડરની અંદર બનેલ hsn ફાઇલમાંથી નંગમેળની વિગતો કોપી કરવી. નંગમેળની વિગતો મોકલતાં uqc કોલમમાં પણ જરૂરી સુધારા કરી લેવા. ટૂંકમાં, GSTR-1 ટેમ્પ્લેટમાં સરળતાથી વિગતો દાખલ કરવા આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. csv ફોલ્ડરની અંદર બનેલી ફાઇલોમાં કોઇ પણ પ્રકારના સુધારા કરવા નહીં.

## કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૫.૬ માટે જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે. આ માટે સચોટ GST No દાખલ કરી લેવું. GST No દાખલ કરવા વેચાણ એન્ટ્રીમાં બિલ નંબર ઉપર PageUp પ્રેસ કરવું. ત્યાર બાદ પેરામીટર સેટિંગનો વિકલ્પ પસંદ કરવો. સચોટ GST No દાખલ કરી સેવ કરી લેવું.

# વર્ઝન નંબર ૧૬.૧૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હાલ, બિલની એન્ટ્રી કરતી વખતે છેલ્લો વેચાણ ભાવ પોતાની મેળે પ્રકટ થાય છે.
હવે, આ ભાવ પોતાની મેળે પ્રકટ ન થાય તેવું સેટિંગ વપરાશકાર પોતે પણ કરી શકશે. આ માટે બિલ નંબર ઉપર પેજ અપ પ્રેસ કરવું. ત્યાર બાદ પેરામીટર સેટિંગનો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ "Automatically capture Last Sales Rate of the Item" ની સામે **N** દાખલ કરી સેવ કરી લેવું. હવે પોતાની મેળે છેલ્લો વેચાણ ભાવ પ્રકટ નહીં થાય. પરંતુ N કાઢી નાખતાં છેલ્લો વેચાણ ભાવ પોતાની મેળે પ્રકટ થવાનું શરૂ થશે. આ સુવિધા ખાસ કરીને ઓનલાઇન બિલિંગ કરતાં વપરાશકારો માટે અત્યંત ઉપયોગી છે.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

સામાન્ય માન્યતાથી વિપરીત, જીએસટી ઑફલાઇન ટુલ, જીએસટી લાગુ થયું તે પહેલાનાં, એટલે કે તારીખ ૧-૭-૨૦૧૭ પહેલાનાં બિલો સામે દાખલ કરેલ ડેબિટ તેમ જ ક્રેડિટ નોટનો, અન્ય કોઇ દોષ ન હોય તો, કોઇ પણ અવરોધ વગર સામાન્યપણે સ્વીકાર કરે છે. ફક્ત, તારીખ ૨-૧-૨૦૧૬ પહેલાંના વેચાણ બિલો સંબંધિત ડેબિટ અને ક્રેડિટ નોટનો જ ટુલ દ્વારા અસ્વીકાર કરવામાં આવી રહ્યો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, જીએસટી પૂર્વેના બિલો સામેની ડેબિટ અને ક્રેડિટ નોટોને સામેલ નહીં કરવાનો વિક્લ્પ બિનજરૂરી બની જતાં, દૂર કરી લેવામાં આવ્યો છે.

વધુમા, હવે **docs** નામની એક્સેલ ફાઇલ પણ બનાવવામાં આવશે. આ ફાઇલમાં, પસંદ કરેલ સમયગાળા દરમ્યાન, વિતરીત કરવામાં આવેલા વેચાણ બિલ, ડેબિટ નોટ તેમ જ ક્રેડિટ નોટના આરંભ અને અંતિમ નંબરોની વિગતો સામેલ કરવામાં આવી છે. વધુમાં, રદ્દ કરવામાં આવેલ, અકસ્માતે છુટી ગયેલ એટલે કે મીસીંગ (Missing) અને ગ્રાહકોને વિતરીત કરવામાં આવેલ વેચાણ બિલ, ડેબિટ નોટ તેમ જ ક્રેડિટ નોટની સંખ્યા ધરાવતી કોલમો ઉપરાંત અન્ય જરૂરી કોલમો પણ ઉમેરવામાં આવી છે. આ ફાઇલમાંથી, ફક્ત ૪ કોલમો જેવી કે Fromno, Tono, Totalno અને cancelled માંની વિગતો જ ટેમ્પ્લેટ ફાઇલમાં કોપી/પેસ્ટ કરવી. બાકીની કોલમો ફક્ત ફેરચકાસણી માટે જ આપવામાં આવી છે. ઉપર જણાવ્યા અનુસાર, ટેમ્પ્લેટની docs શીટમાં વેચાણ બીલના પ્રથમ અને અંતિમ નંબર જણાવવાના હોય છે. અમુક વપરાશકારો, ખાસ કરીને એકથી વધુ ગોદામ ધરાવતાં વેપારીઓને, એકથી વધુ વેચાણ બિલની શ્રેણીઓ જાળવવાની જરૂર પડતી હોય છે. દાખલા તરીકે પહેલી શ્રેણી ૧ નંબરથી શરૂ થતી હોય બીજી ૨૦૦૦૧ તેમ જ ત્રીજી ૫૦૦૦૧ થી આરંભ થતી હોય એવું બની શકે. આવા કિસ્સાઓમાં, docs શીટમાં વેચાણ બિલની દરેક શ્રેણીદીઠ પ્રથમ અને અંતિમ નંબર જણાવવાનાં હોય છે. આ નંબરો શોધી કાઢવા માટે, હવે સળંગ મીસીંગ બિલોની મહત્તમ સંખ્યા પણ જણાવવાની રહેશે. આ સંખ્યા, "Maximum possible consecutive missing

bills" ની સામે દાખલ કરવી. નવી શ્રેણીનો આરંભ નક્કી કરવા માટે આ સંખ્યાનો ઉપયોગ કરવામાં આવશે. આથી, જો બે અનુક્રમે આવતાં બિલોની સંખ્યા વચ્ચેનો તફાવત, આ સંખ્યાથી વધુ હશે તો તેની ગણના નવી શ્રેણીના આરંભ તરીકે કરવામાં આવશે. અન્યથા, તે તફાવતને મીસીંગ બિલોની સંખ્યા તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.પોતાની મેળે પ્રકટ થતી આ સંખ્યા આરંભમાં ૫૦ હશે, જેમાં આવશ્યક્તા અનુસાર ફેરફારો કરી શકાશે. એ બાબતનું ખાસ ધ્યાન રહે કે મહત્વ, સળંગ મીસીંગ બિલોની સંખ્યાનું છે. અલગ અલગ મીસીંગ બિલોની કુલ સંખ્યા, ઉપર જણાવેલ મહત્તમ સંખ્યા કરતાં વધુ હોય તો પણ, નવી શ્રેણી આરંભ કરવા સક્ષમ નથી.

# વર્ઝન નંબર ૧૬.૧૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## અકાઉન્ટ માસ્ટર (Accounts Master)

હવે, જો કોઇ માલ વેચનાર વેપારીએ કોમ્પોઝીશનનો વિકલ્પ પસંદ કર્યો હશે તો તો માહિતી તેના અકાઉન્ટ માસ્ટરમાં જણાવવાની રહેશે. આ માટે, તેના ખાતામાં Composition? સામે **Y** દાખલ કરવું. આનો ઉપયોગ GSTR-2 માટે જોઇતી ફાઇલો બનાવતી વખતે કરવામાં આવશે.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

જીએસટીઆર-૧ રિટર્ન ફાઇલ કરવા માટે સરકાર દ્વારા ઉપ્લબ્ધ કરાવવામાં આવેલ ઓફલાઇન ટુલમાં, અપલોડ કરવાની રહેતી ડેબિટ નોટ અને ક્રેડિટ નોટમાં ૧ જુલાઇ પહેલાની તારીખ ધરાવતાં બિલોનો અસ્વીકાર કરવામાં આવે છે. આ ત્રુટિને ધ્યાનમાં લઇને, આવી ડેબિટ નોટ અને ક્રેડિટ નોટને એક્સેલ ફાઇલોમાંથી બાકાત રાખવાનો એક નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.
વધુમાં બિલ નંબર, ડેબિટ નોટ નંબર તેમ જ ક્રેડિટ નોટ નંબરમાં પણ મધ્યમાં ખાલી જગ્યા હોય તો તેનો પણ અસ્વીકાર કરવામાં આવે છે. આ સમસ્યાના ઉકેલ રૂપે, આ બિલ નંબર, ડેબિટ નોટ નંબર અને ક્રેડિટ નોટ નંબરમાં નીચે જણાવ્યા પ્રમાણે ફેરફારો કરવામાં આવ્યાં છે.
ડેબિટ અને ક્રેડિટ નોટમાં દર્શાવાતા બિલ નંબરમાંથી * અથવા કોઈપણ મૂળાક્ષર (આલ્ફાબેટ) જેવા પ્રીફીક્સ, એક્સેલ ફાઇલોમાંથી દૂર કરવામાં આવ્યા છે.
વધુમાં, ડેબિટ નોટ નંબરમાંથી, INT અને નંબર વચ્ચેની જગ્યા દૂર કરવામાં આવી છે અને સ્પષ્ટતા માટે વચ્ચે હાઇફન (-) દાખલ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, ક્રેડિટ નોટ નંબરમાં, SR અને નંબર વચ્ચેની જગ્યા દૂર કરવામાં આવી છે અને સ્પષ્ટતા માટે વચ્ચે હાઇફન દાખલ કરવામાં આવ્યું છે.
આ ઉપરાંત, ડેબિટ નોટ સંદર્ભે વધુ એક સમસ્યા ધ્યાનમાં આવી છે. જીએસટી ટુલ, સમાન ટેક્ષનો દર ધરાવતાં એક્થી વધુ બિલ માટે, સમાન ડેબિટ નોટ નંબરનો સ્વીકાર કરતું નથી. બીજા શબ્દોમાં, દરેક બિલ નંબર સામે અલગ ડેબિટ નોટ નંબર દાખલ કરવું જરૂરી થયું છે, પછી ભલેને તે બધા બિલો એક જ પાર્ટીના કેમ ન હોય. આથી, ડેબિટ નોટ નંબરને વિશિષ્ટ બનાવવા માટે, એક જ પાર્ટીના એકથી વધુ બિલોમાં, ડેબિટ નોટ નંબરના અંતે આલ્ફાબેટ Aથી શરુ થતાં મૂળાક્ષરો ઉમેરવામાં આવશે.
જીએસટી ટુલમાં વિગતો અપલોડ કરતી વખતે, પાર્ટીઓના દાખલ કરેલા અમાન્ય જીએસટી નંબરો પણ એક મોટી સમસ્યા બની ગયાં છે. આના ઉપાયરૂપે હવે CHKGSTNO નામની વધુ એક ફાઇલ બનાવવામાં આવશે. આ ફાઇલના ઉપયોગ દ્વારા અમાન્ય જીએસટી નંબરોની સૂચિ મેળવવી ઘણું સરળ બની જશે. આ ફાઇલના ઉપયોગ અંગેની પૂર્ણ માહિતી whatsapp મેસેન્જર ઉપર પ્રસારિત કરવામાં આવી છે.

# વર્ઝન નંબર ૧૬.૧૨ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવે, જીએસટી લાગુ થયા બાદ, જો રસીદમાં વ્યાજ લેવામાં આવ્યું હશે તો તે રસીદમાં ક્રમાનુસાર એક ડેબિટ નોટ નંબર જાળવવામાં આવશે. જો રસીદમાં એકથી વધુ ગ્રાહકોના બિલો સમાવિષ્ટ કરવામાં આવ્યા હશે તો, દરેક ગ્રાહક દીઠ અલગ ડેબિટ નોટ નંબર ફાળવવામાં આવશે. આ નંબરોને GSTR-1 રિટર્ન ફાઇલ કરવા માટે જોઇતી ફાઇલમાં સામેલ કરવામાં આવશે.

નોંધ: હવે, વપરાશકારોએ દરેક ગ્રાહક માટે અલગ અલગ રસીદો બનાવવી. એક જ રસીદમાં એકથી વધુ ગ્રાહકોના બિલો સમાવિષ્ટ કરવા નહીં. આ સુવિધા ટુંક સમયમાં બંધ કરવામાં આવશે.

## વેચાણ પરત (રિટર્ન)ની એન્ટ્રી (Sales Return Entry)

હવે, જીએસટી લાગુ થયા બાદ કરવામાં આવેલ વેચાણ પરતની એન્ટ્રી માટે ક્રમાનુસાર એક ક્રેડિટ નોટ નંબર જાળવવામાં આવશે. આનો ઉપયોગ GSTR-1 રિટર્ન ફાઇલ કરવા માટે જોઇતી ફાઇલમાં કરવામાં આવશે.

## જીએસટીઆર-૧ ફાઇલો (GSTR-1 Files)

જીએસટી રિપોર્ટ હેઠળ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

GSTR-1 રિટર્ન ફાઇલ કરવા માટે જોઇતી વિવિધ ફાઇલો આ વિકલ્પ હેઠળ બનાવવામાં આવશે. રિટર્ન ફાઇલ કરવા માટે સરકાર દ્વારા ઉપ્લબ્ધ ઓફલાઇન ટુલને અનુકુળ આ ફાઇલોનું ફોર્મેટ તૈયાર કરવામાં આવ્યું છે. રિટર્ન ફાઇલ કરતાં પહેલાં, ફેર ચકાસણી માટે સામેલ કરવામાં આવેલ વધારાની કોલમો દૂર કરી લેવી.

આ ફાઇલો વર્ક ડ્રાઇવમાં GST \ GSTR1 \ <વર્ષનું ફોલ્ડર>\ ફર્મ ફોલ્ડર>\ <મહિનાના ફોલ્ડર> હેઠળ બનાવવામાં આવશે. જો જરૂરી હોય તો, ફાઇલો રાખવા માટે અલગ સ્થાન દર્શાવવા ડ્રાઇવમાં તેમ જ GST અને GSTR1 સિવાયના ફોલ્ડરના નામમાં આવશ્યક ફેરફાર કરી લેવા.

નીચે જણાવ્યા મુજબની ફાઇલો બનાવવામાં આવશે.

b2bddmm, b2clddmm, b2csddmm, cdnrddmm, exmpddmm અને hsnddmm. ફાઇલોના નામમાં આવતાં ddmm તેમને બનાવવાનો દિવસ અને મહિનો દર્શાવે છે. આ ઉપરાંત salddmm, intddmm અને srddmm નામની અન્ય ત્રણ ફાઇલો પણ બનશે. વિગતોની ફેર ચકાસણી કરવા આ ફાઇલો ઉપ્લબ્ધ કરાવવામાં આવી છે.

ફાઇલોમાં સમાવિષ્ટ વિગતો અંગેની જાણકારી, ફાઇલો બનાવ્યા બાદ, સ્ક્રીન પર દર્શાવવામાં આવશે. નવી બનાવેલી ફાઇલો, ફોલ્ડરમાં અગાઉથી મોજુદ તે જ નામની ફાઇલોનું સ્થાન લેશે. અગાઉ બનાવેલ ફાઇલોને જાળવી રાખવી હોય તો, નવી ફાઇલો બનાવતી વખતે ફોલ્ડરોના નામમાં આવશ્યક ફેરફારો કરી તેમનું સ્થાન બદલી નાખવું.

# વર્ઝન નંબર ૧૬.૧૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## ઘરૂ આવક એન્ટ્રી (Garu Aavak Entry)

હવે,ડિસ્કાઉન્ટની રકમ પણ દાખલ કરી શકાશેમાલની રકમ બાદ અને બારદાન ચાર્જની પહેલાં આ રકમ . દાખલ કરવાનીજોગવાઇ કરવામાં આવી છે.

## ટ્રાન્સપોર્ટ ભાડાંની એન્ટ્રી (Freight Entry)

હવે, ટેક્ષેબલ આઇટમના મોટર ભાડા ઉપર, રિવર્સ ચાર્જ હેઠળ ભરવાપાત્ર જીએસટીની રકમ પણ દાખલ કરી શકાશેઆ રકમ . "CGST/SGST payable on RCM accounts" ખાતે જમા કરવામાં આવશે . તેમ જ"CGST/SGST ITC claim for RCM accounts" ખાતે ઉધાર કરવામાં આવશે. આ ખાતાઓ પ્રોગ્રામ અપડેટ કરતી વખતે પેકેજ દ્વારા સ્વયં ઉમેરવામાં આવશેવપરાશકારે આ ખાતાઓ ઉમેરવાની . .જરૂર નથી

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

ફોર્મ નંબર GSTR-3B માં દરેક રાજ્ય પ્રમાણે, કોમ્પોઝીશન સ્કીમ હેઠળ રજીસ્ટર થયેલ ગ્રાહકોને કરવામાં આવેલ ટેક્ષેબલ માલના વેચાણની તેમ જ જીએસટીની રકમ જણાવવાની છે. આ વિગતો રાજ્ય બહારના ગ્રાહકોને કરવામાં આવેલ વેચાણ સંબધિત જણાવવાની છે. આ રકમની તારવણી કરવા આવા ગ્રાહકોએ કોમ્પોઝીશન સ્કીમનો વિકલ્પ પસંદ કર્યો છે કે નહીં તે જણાવવાનું રહેશે.

## ગ્રાહકોની વિગતોનું અપડેશન (Update Debtors Info)

Occasional/Other Entries હેઠળ આ નવો વિક્લ્પ ઉમેરવામાં આવ્યો છે. એકથી વધુ ફર્મ ધરાવતા વપરાશકારો માટે આ સુવિધા ઉપ્લબ્ધ કરવામાં આવી છે આ સુવિધા દ્વારા એક ફર્મના ગ્રાહકોની વિગતો .અન્ય ફર્મના ગ્રાહકોના માસ્ટરમાં અપડેટ કરી શકાશે.

નોંધ: આ સુવિધાના ઉપયોગ અંગેની વિગતવાર માહિતી ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.

## જીએસટી સમરી (GST Summary)

આ નવો વિકલ્પ મેઇન મેનુમાં રિપોર્ટ વિકલ્પની અંદર જીએસટી રિપોર્ટ હેઠળ ઉમેરવામાં આવ્યો છે.

આ રિપોર્ટમાં ટેક્ષના દર પ્રમાણે વર્ગીકૃત કરેલ વેચાણ, વેચાણ પરત તેમ જ ખરીદીની વિગતો સામેલ કરવામાં આવી છે .વધુમાં, ટેક્ષેબલ બિલોની રસીદમાં વ્યાજ ઉપર લેવામાં આવેલ જીએસટી તેમ જ ટેક્ષેબલ આઇટમના મોટરભાડાં ઉપર રિવર્સ ચાર્જ હેઠળ ચુકવવાપાત્ર જીએસટીની વિગતો પણ રિપોર્ટમાં દર્શાવવામાં આવશે. આ ઉપરાંત ફોર્મ GSTR-3B માટે જરૂરી વિગતો પણ રિપોર્ટમાં ઉપ્લબ્ધ થશે.

# વર્ઝન નંબર ૧૬.૧૦ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

હવે, ગ્રાહકના નામ અથવા સ્થળ ઉપર **Page Up** પ્રેસ કરતાં આવતી વિન્ડોમાં જીએસટી નંબર પણ દાખલ કરી શકાશે. FSSAI નંબર દાખલ કરવા માટેની જગ્યા પણ વધારવામાં આવી છે.
હવે ગ્રાહકોની હેલ્પમાંથી ગ્રાહકનું નામ સિલેક્ટ કર્યા બાદ, જો તે ગ્રાહકનાં જીએસટી નંબર અથવા FSSAI નંબર પહેલાં દાખલ નહીં કર્યા હોય તો, અન્ય માહિતી દાખલ કરવા માટેની વિન્ડો પોતાની મેળે પ્રકટ થશે.
આ સવલતને કાર્યાન્વિત કરવા માટે, બિલ નંબર પર **Page Up** દબાવી **Parameters Setting** નો વિકલ્પ પસંદ કરો. ત્યાર બાદ, **"Ask for Customer Details if GSTIN or FSSAI No is blank"** સામે **Y** (Yes માટે) દાખલ કરો.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

હવેથી, વ્યાજ ઉપર પણ જીએસટી લેવામાં આવશે. પહેલી જુલાઇ અથવા ત્યાર બાદના બિલોમાં, જો જીએસટી ચાર્જ કરવામાં આવ્યું હશે તો, આવા બિલોની રસીદ બનાવતી વખતે લેવામાં આવનાર વ્યાજની રકમ ઉપર જીએસટી પણ ઉમેરવામાં આવશે. એન્ટ્રી કરતી વખતે, જો વ્યાજની રકમ સુધારવામાં આવશે તો, તે વ્યાજની રકમની, વ્યાજ તેમ જ જીએસટી વચ્ચે પ્રમાણસર વહેંચણી કરવામાં આવશે. પ્રમાણ નક્કી કરવા માટે, બિલમાં સમાવિષ્ટ પહેલી આઇટમને લાગુ પડતાં જીએસટી દરને ધ્યાનમાં લેવામાં આવશે. વ્યાજ અને જીએસટીની રકમ, મથાળા (હેડિંગ) વિભાગ માં બીજી લાઇનમાં Name of the Broker ની નીચે લાલ રંગની પૃષ્ઠભૂમિ હેઠળ દર્શાવવામાં આવશે. મથાળું (હેડિંગ) સફેદ રંગની પૃષ્ઠભૂમિ માં દર્શાવવામાં આવ્યું છે.
આ વર્ઝન ઇન્સટોલ કરવાની પ્રક્રિયા દરમ્યાન, પહેલી જુલાઇ અને ત્યાર બાદ જીએસટી લાગુ થયેલ બિલો સામે વસુલ કરવામાં આવેલ વ્યાજની, વ્યાજ અને જીએસટીમાં પ્રમાણસર વહેંચણી, પોતાની મેળે કરી લેવામાં આવશે. આ રીતે વહેંચણી થઇ ગયા બાદ, વ્યાજ અને જીએસટીના ખાતાઓમાં, યોગ્ય રકમ જમા કરવા સંબધિત તારીખોનું ફરીથી રસીદ પ્રોસેસિંગ કરી લેવું.

## ગ્રાહક માસ્ટરનું લિસ્ટ (1 Debtors Master Listing)

હવે, જીએસટી નંબરની કોલમ સિલેક્ટ કરી હશે તો રિપોર્ટમાં તે પણ દર્શાવવામાં આવશે. રિપોર્ટમાં કોલમ સામેલ કરવા અથવા કાઢી નાખવા Column Selection ના વિકલ્પ ઉપર **Spacebar** દબાવી જોઇતી કોલમ પસંદ અથવા નાપસંદ કરવી. જે ગ્રાહકોના જીએસટી નંબર દાખલ કરવાના બાકી છે તેમનો જ રિપોર્ટમાં સમાવેશ કરવાની સુવિધા પણ ઉમેરવામાં આવી છે.

## એક્ષેલ ફાઇલમાં ગ્રાહકોની વિગતો (Parties List on Excel)

ઉગરાણી રિપોર્ટના વિકલ્પ હેઠળ આ નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પ દ્વારા ગ્રાહકોની દાખલ કરવામાં આવેલ સમગ્ર માહિતી એક્ષેલ ફાઇલમાં મેળવી શકાશે.

એક્ષેલ ફાઇલમાં કયા ગ્રાહકોની વિગતો સામેલ કરવી તે નક્કી કરવા ત્રણ વિકલ્પો આપવામાં આવ્યાં છે. પ્રથમ વિકલ્પ પસંદ કરતાં એ જ ગ્રાહકો સામેલ કરવામાં આવશે જેમનું ચાલુ વર્ષમાં ઓછામાં ઓછું એક વેચાણ બિલ બન્યું હોય. બીજો વિકલ્પ પસંદ કરતાં જે ગ્રાહકોના અગાઉના વર્ષોની ઉગરાણી બાકી હોય તેમનો પણ સમાવેશ કરવામાં આવશે. ત્રીજો વિકલ્પ પસંદ કરતાં તમામ ગ્રાહકોને સામેલ કરવામાં આવશે.
વધુમાં, જે ગ્રાહકોના GSTIN અને FSSAI નંબર ઉપ્લબ્ધ છે તેમને, રિપોર્ટમાંથી બાકાત રાખવાનો વિકલ્પ પણ સામેલ કરવામાં આવ્યો છે. દલાલ હેઠળ ગ્રાહક મુજબ અથવા ફક્ત ગ્રાહક મુજબ એક્ષેલ ફાઇલ બનાવવાની સુવિધા પણ આપવામાં આવી છે.

## <u>વેચાણ બિલ પ્રિન્ટ કરવાના ફોર્મેટ (Sales Bills Formats)</u>

વેચાણ બિલમાં સમાવિષ્ટ અમુક વિગતો જેવી કે FSSAI નંબરની જગ્યામાં ફેરફાર તેમ જ બિલમાં અન્ય જરૂરી વિગતો સામેલ કરવા નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ નવા ફોર્મેટ ઉમેરવામાં આવ્યં છે.

| **ફોર્મેટનું નામ** | **ફોર્મેટનું વિવરણ** |
|---|---|
| GST11 | A4 સાઇઝના કોરા કાગળ ઉપર ડીલીવરી ઓર્ડર સહિત બિલ પ્રિન્ટ કરવા માટે |
| GST20 | A4 સાઇઝના પ્રી-પ્રિન્ટેડ પાના ઉપર ડીલીવરી ઓર્ડર સહિત બિલ પ્રિન્ટ કરવા માટે |
| GST30 | A4 સાઇઝના કોરા કાગળ ઉપર ડીલીવરી ઓર્ડર વગર બિલ પ્રિન્ટ કરવા માટે |
| GST50 | 6" x 11" ની સાઇઝના પ્રી-પ્રિન્ટેડ પાના ઉપર ડીલીવરી ઓર્ડર સહિત બજારમાં ચલણી સામાન્ય બિલ પ્રિન્ટ કરવા માટે |

GST10 નું સ્થાન લેવા GST11 ફોર્મેટ ઉમેરવામાં આવ્યું છે. GST30, ડીલીવરી ઓર્ડરવગરના ડુપ્લીકેટ બિલ પ્રિન્ટ કરવા માટે ઉમેરવામાં આવ્યું છે. 6" x 11" ના પાતળી (સ્લીમ) સાઇઝના ડીલીવરી ઓર્ડર સહિતના પ્રી-પ્રિન્ટેડ પાના ઉપર, બજારમાં સામાન્યપણે ચલણી બિલ પ્રિન્ટ કરવા માટે GST50 ફોર્મેટ દાખલ કરવામાં આવ્યું છે. આ ફોર્મેટમાં જીએસટી બિલ માટે જોઇતી સંપૂર્ણ વિગતો જેવી કે ગ્રાહકના જીએસટી નંબર, FSSAI નંબર, CGST, SGST, વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
જોઇતું ફોર્મેટ સિલેક્ટ કરવા બિલ નંબર ઉપર **Page Up** પ્રેસ કરી **Sales Bill Format** નો વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ **Set Default Format** નો વિકલ્પ પસંદ કરવો. અંતમાં જોઇતા ફોર્મેટ ઉપર **એન્ટર** પ્રેસ કરવું. પસંદ કરેલ ફોર્મેટ દ્વારા, પ્રસંગોપાત્ત બિલ પ્રિન્ટ કરવા બિલ નંબર ઉપર **Page Up** પ્રેસ કરી **Print Bills (Pre-Printed)** વિકલ્પ પસંદ કરવો.

# વર્ઝન નંબર ૧૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## અકાઉન્ટ માસ્ટર (Accounts Master)

હવે દરેક પાર્ટીના જીએસટી નંબર જાળવી શકાશે.

વધુમાં નીચે જણાવ્યા પ્રમાણે, જીએસટી સંબધિત ૬ ખાતાઓ બેલેન્સ શીટ ગ્રુપ હેઠળ, પ્રોગ્રામ દ્વારા સ્વ્યં ઉમેરવામાં આવશે. વપરાશકારે તેમના ગ્રુપ કોડમાં જરૂરિયાત મુજબ સુધારા કરી લેવા. આ ખાતાઓનો ઉપયોગ ઘરૂ આવક એન્ટ્રી,તારીજ પ્રોસેસિંગ તેમ જ સેલ્સ રીટર્ન એન્ટ્રી દ્વારા નીચે જણાવ્યા પ્રમાણે કરવામાં આવશે.

| કોડ | ખાતાનું નામ | ખાતાનો ઉપયોગ |
|---|---|---|
| CGSTS | CGST on Sales | CGST, વેચાણ વખતે જમા તેમ જ વેચાણપરત વખતે ઉધાર કરવા માટે |
| SGSTS | SGST on Sales | SGST, વેચાણ વખતે જમા તેમ જ વેચાણપરત વખતે ઉધાર કરવા માટે |
| IGSTS | IGST on Sales | IGST, વેચાણ વખતે જમા તેમ જ વેચાણપરત વખતે ઉધાર કરવા માટે |
| CGSTP | CGST on Purchase | CGST, ખરીદ વખતે ઉધાર કરવા માટે |
| SGSTP | SGST on Purchase | SGST, ખરીદ વખતે ઉધાર કરવા માટે |
| IGSTP | IGST on Purchase | IGST, ખરીદ વખતે ઉધાર કરવા માટે |

## ગ્રાહક માસ્ટર (Debtor Master)

હવે દરેક ગ્રાહકના જીએસટી નંબર જાળવી શકાશે.

જીએસટી નંબર દાખલ કરવા અથવા સુધારવા, ગ્રાહકોની હેલ્પમાં તે ગ્રાહકના નામ પર **E** પ્રેસ કરવું.

## જીએસટી માસ્ટર (GST Master)

જીએસટીના વિવિધ દરો જાળવવા નવું માસ્ટર ઉમેરવામાં આવ્યું છે. ૦૦, ૦૫, ૧૨, ૧૮ તેમ જ ૨૮ એમ પાંચ માસ્ટર, પ્રોગ્રામ દ્વારા સ્વયં ઉમેરવામાં આવશે.

## આઇટમ માસ્ટર (Item Master)

હવે દરેક આઇટમ માટે, તેનો HSN Code તેમ જ તેને લાગુ થતા જીએસટી દરના માસ્ટરનો કોડ દાખલ કરવાનો રહેશે. **( ) Press Enter/Space Bar for Tax Codes** ના ઉપયોગ દ્વારા આ વિગતો દાખલ કરી શકાશે.

આ વિગતો માસ્ટરમાં સીધી જ દાખલ કરવા માટે એક ઝડપી વિકલ્પ પણ ઉપ્લબ્ધ છે. આ માટે આઇટમ કોડ ઉપર **Page Up (PgUp)** પ્રેસ કરવું. ત્યાર બાદ **Change Code Directly** વિકલ્પ પસંદ કરવો. અહીં દરેક આઇટમ સામે અનુકુળ વિગતો દાખલ કરી લેવી. વધુમાં કોઇ એક માસ્ટરમાં

દાખલ કરેલ વિગત, તે પછીના દરેક માસ્ટર માં એકસામટી દાખલ કરવા **F2** પ્રેસ કરવું. આ વિકલ્પ દ્વારા દાખલ કરેલ વિગતો આઇટમ માસ્ટરમાં ડાયરેક્ટ સેવ થઇ જશે.

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

જીએસટી બિલ પ્રિન્ટ કરવા અમુક જરૂરી વિગતો દાખલ કરવાની રહેશે. આ માટે બિલ નંબર ઉપર **Page Up (PgUp)** પ્રેસ કરો અને પેરામીટર સેટિંગનો વિકલ્પ પસંદ કરો. તમારી ફર્મના જીએસટી નંબર દાખલ કરો. **( ) Press Space Bar for GST Bill Print Parameters** વિકલ્પ પસંદ કરી યોગ્ય વિગતો દાખલ કરો.

GST10 નામનું બિલનું એક નવું ફોર્મેટ ઉમેરવામાં આવ્યું છે. આ ફોર્મેટ દ્વારા A4 સાઇઝના કોરા કાગળ ઉપર લેઝર પ્રિન્ટર દ્વારા જીએસટી અનુરૂપ બિલ પ્રિન્ટ કરી શકાશે. આ ફોર્મેટ દ્વારા બિલ પ્રિન્ટ કરવા બિલ નંબર ઉપર **Page Up (PgUp)** પ્રેસ કરો અને **Sales Bill Format** વિકલ્પ પસંદ કરો. ત્યાર બાદ **Set Default Format** વિક્લ્પ પસંદ કરો અને GST10 ઉપર **Enter** પ્રેસ કરો. આ ફોર્મેટ હાલના સુધારા હેઠળ ઉમેરવામાં આવ્યું હોઇ લિસ્ટમાં છેલ્લે દેખાશે. લિસ્ટના અંત ભાગમાં જવા **End** પ્રેસ કરવું.

૩૦ જુન બાદના બિલો પ્રિન્ટ કરવા આ નવા ફોર્મેટનો ઉપયોગ કરવો. ૩૦ જુન સુધીના બિલો પ્રિન્ટ કરવા હાલ કાર્યરત ફોર્મેટનો ઉપયોગ કરવો. હાલ કાર્યરત ફોર્મેટનું નામ **Set Default Format** વિકલ્પ પસંદ કરતાં ડાબી બાજુ દર્શાવવામાં આવશે.

નવા ફોર્મેટમાં પ્રિન્ટ કરેલા બિલો ગ્રાહકો / દલાલોને આપતાં પહેલાં અમુક બિલો સંપૂર્ણપણે તપાસી લેવાની વપરાશકારોને નમ્ર વિનંતી. જરૂર પડ્યે વિક્લ્પનો ઉપયોગ કરી બિલમાં પ્રિન્ટ થનાર વિગતોમાં યોગ્ય સુધારા કરી લેવા. HSN કોડ, બિલનું શીર્ષક, ખાદ્ય પદાર્થ અંગેની વોરંટી,વગેરે બાબતોની વધુ જાણકારી માટે યોગ્ય સલાહકારની મદદ લેવી.

<u>ખાસ નોંધ</u>: શૂન્ય જીએસટી ધરાવતા બિલોનું શીર્ષક "Bill of Supply" રહેશે. જ્યારે કે જીએસટી ધરાવતા બિલોનું શીર્ષક "Tax Invoice" રહેશે. આ અંગે યોગ્ય માર્ગદર્શન તમારા જીએસટી સલાહકાર પાસેથી મેળવી લેવું.

હવે, ઉગરાણીના વ્યાજ ઉપર પણ જીએસટી લાગુ થનાર હોઇ, જીએસટીના જુદા જુદા દર ધરાવતી આઇટમોના બિલો અલગ અલગ બનાવવાના રહેશે. એટલે કે, શૂન્ય જીએસટી દર ધરાવતી આઇટમોનું અલગ બિલ, ૫% હેઠળ આવતી આઇટમોનું અલગ બિલ, ૧૨% હેઠળ આવતી આઇટમોનું અલગ બિલ, વગેરે પ્રમાણે બિલો વિભાજીત કરવાનાં રહેશે.રસીદ બનાવતી વખતે લેવામાં આવનાર વ્યાજ ઉપર, ગ્રાહક પાસેથી, તે બિલમાં સમાવિષ્ટ આઇટમોના જીએસટીના દર મુજબ જીએસટી પણ વસૂલ કરવાનું રહેશે. આથી વ્યાજ ઉપર જીએસટીની ગણત્રી સરળતાથી કરવા તેમ જ સમજવા ઉપર જણાવ્યા પ્રમાણે બિલોનું વિભાજન કરવાનું રહેશે.

## <u>રસીદ એન્ટ્રી (Bills Collection Entry)</u>

હાલમાં રસીદ નંબરનો ક્રમ વાર્ષિક ધોરણે જાળવવામાં આવે છે. રસીદ નંબર દર વર્ષે ૧ થી શરૂ થઇ વર્ષના અંત સુધી એ જ ક્રમમાં આગળ વધે છે. હવે, દૈનિક ધોરણે રસીદના સીરીયલ નંબર જાળવવાની નવી સુવિધા ઉમેરવામાં આવી છે. આ સુવિધા અમલમાં મુક્યા બાદ દરેક દિવસ માટે રસીદ નંબર ૧ થી શરૂ થશે.

આ સુવિધા કાર્યાન્વિત કરવા, રસીદ નંબર ઉપર **પેજ અપ (PgUp)** દબાવો અને Set Parameters નો વિકલ્પ પસંદ કરો. "Initialize Receipt Number..." દર્શાવતી લાઇનમાં Y (વાર્ષિક ધોરણ માટે) ની જગ્યાએ **D** (દૈનિક ધોરણ માટે) દાખલ કરો. સેવ કરવા **F5** દબાવો અને પુષ્ટિ કરવા **Ctrl+Enter** દબાવો. આ પરિવર્તન એક અત્યંત જટિલ પ્રક્રિયા હોઇ, Ctrl+Enter દબાવતાં પહેલાં અન્ય દરેક વપરાશકારે પેકેજમાં મેન મેનુ સુધી બહાર આવવું જરૂરી છે.

<u>આ ફેરફાર અપરિવર્તનીય છે એ બાબતની ખાસ નોંધ લેવી. એટલે કે એક વાર દૈનિક ધોરણનો વિકલ્પ પસંદ કરી લઇ કન્ફર્મ કરી લીધા બાદ તેને પરત વાર્ષિક ધોરણમાં પરિવર્તિત કરી શકાશે નહીં.</u>

આ વિકલ્પ દરેક ફર્મ માટે વ્યક્તિગત રીતે લાગુ પડે છે. અર્થાત પસંદગી મુજબ અમુક ફર્મ માટે દૈનિક ધોરણનો વિકલ્પ અને અન્ય ફર્મ માટે વાર્ષિક ધોરણનો વિકલ્પ જાળવી રાખવાની સુવિધા ઉપ્લબ્ધ છે. એટલે કે જો તમામ ફર્મ માટે દૈનિક ધોરણનો વિકલ્પ સેટ કરવો હશે તો તે, દરેક ફર્મ માટે વ્યક્તિગત રીતે પસંદ કરવાનો રહેશે.

દૈનિક ધોરણનો વિકલ્પ કાર્યાન્વિત થઈ ગયા બાદ, રસીદ એન્ટ્રી કરતી વખતે, પ્રથમ રસીદ તારીખ અને ત્યારબાદ રસીદ નંબર દાખલ કરવાનું રહેશે. હાલના વાર્ષિક ધોરણના વિકલ્પમાં પ્રથમ રસીદ નંબર અને ત્યારબાદ રસીદ તારીખ દાખલ કરવાની હોય છે.

હાલ રસીદ ક્રમાંક ઉપર F1 પ્રેસ કરતાં રસીદોની હેલ્પ પ્રકટ થાય છે. હવે, રસીદોની નવી હેલ્પ મેળવવાની સુવિધા પણ ઉમેરવામાં આવી છે. નવી હેલ્પ મેળવવા રસીદ ક્રમાંક ઉપર **પેજ અપ (PgUp)** પ્રેસ કરવું. આ હેલ્પનો મુખ્ય ઉદ્દેશ, રસીદની તારીખ અને અન્ય વિગતોમાં ઝડપથી ફેરફારો કરવામાં સહાયરૂપ થવાનો છે. આ હેલ્પમાં સૌ પ્રથમ વર્તમાન તારીખની રોકડ રસીદો દર્શાવવામાં આવશે. અનુકુળ તારીખોની રેન્જ તેમ જ રોકડ / ચેકના ફિલ્ટરમાં બદલાવ કરવા **સ્પેસબાર (Space Bar)** દબાવો.

જો રસીદ નંબર માટે દૈનિક ધોરણનો વિકલ્પ અમલી કર્યો હશે તો રસીદની વિગતોમાં ફેરફાર કરવા **E** પ્રેસ કરો. અહીં તમે તારીખ, વગેરેમાં જરૂરિયાત મુજબ સુધારા કરી શકશો. યોગ્ય સુધારા કર્યા બાદ **Esc** દબાવો અને સેવ કરી લો. સેવ કરતાં પહેલાં અન્ય દરેક વપરાશકારે પેકેજમાં મેન મેનુ સુધી બહાર આવવું જરૂરી છે.

વધુમાં રસીદોને યોગ્ય ક્રમમાં ગોઠવવાની નવી સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે. આ વિકલ્પ પસંદ કરવા **O** દબાવો અને જે તરીખની રસીદોની ગોઠવણી કરવી હોય તે તારીખ દાખલ કરો. આમ કરતાં તે તારીખની તમામ રસીદો દર્શાવવામાં આવશે. તે તારીખની તમામ રસીદો સિલેક્ટ કરવા **A** દબાવો. પસંદ કરેલ તમામ રસીદોને અનસિલેક્ટ કરવા **U** દબાવો. જરૂરિયાત મુજબ અમુક જ રસીદો સિલેક્ટ અથવા અનસિલેક્ટ કરવા, અન્ય કોઇ પણ કી (**R** સિવાય) નો ઉપયોગ કરી શકો છો. આ રીતે રસીદો સિલેક્ટ કર્યા બાદ **R** દબાવો. પ્રથમ રસીદ ક્રમાંક દાખલ કરો અને સુધારાની પ્રક્રિયા પૂર્ણ કરો. સેવ કરતાં પહેલાં અન્ય દરેક વપરાશકારે પેકેજમાં મેન મેનુ સુધી બહાર આવવું જરૂરી છે.